ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# જ્ઞાનગંગા

મુખપત્ર

વર્ષ : ૩ અંક : ૭ (ફક્ત આંતરિક વિતરણ) નવેમ્બર,૨૦૦૭



*सं गच्छध्वं सं वद्ध्वं सं वो मनांसि जानताम् ।*
*देवा भागं यथा पूर्वे संजानाना उपासते ॥* સંજ્ઞાનસૂક્તમ્

તમે બધાં એક સાથે ચાલો, એક મતથી બોલો. તમારું મન એકમત થાઓ, જેવી રીતે પ્રાચીન દેવતાઓ એક મત બનીને યજ્ઞના ભાગનો સ્વીકાર કરે છે.

## કુલપતિશ્રીની કલમે

ભારતીય સભ્યતાની જ્ઞાનની સંસ્કૃતિ "ગુરુ-શિષ્ય" જેવી પરંપરા અને "ગુરુકુળ" અને "વિશ્વવિદ્યાલય" જેવી સંસ્થાઓ પર ટકી રહી છે. ગુરુ અને શિષ્ય વિષયો પર આપણે આ કોલમ દ્વારા, એક યા બીજી રીતે ચર્ચા કરી છે. હાલ આપણે ભારતના પ્રાચીન વિશ્વવિદ્યાલયોની ચર્ચા કરીશું.

તક્ષશિલા એ સૌથી પહેલામાંનું કેળવણીનું મુખ્ય કેન્દ્ર હતું. તેનો ઉદ્‌ભવ પ્રાચીન ગાંધાર પ્રદેશે (હાલમાં કાન્ધાર) માં લગભગ 700 ઈ.સ.પૂર્વેથી એક હજાર વર્ષ સુધી એટલે કે 300 એ.ડી. વચ્ચે થયો હતો જયાં 68 વિષયો પર શિક્ષણ આપવામાં આવતું હતું. શ્રીમંત કુટુંબોમાંથી આવતા વિદ્યાર્થીઓ શિક્ષણ ફી ચૂકવતા અને જેમની પાસે પૂરતા પૈસા ન હોય તેવા વિદ્યાર્થીઓ વિવિધ રીતે વિશ્વવદ્યાલયને પોતાની સેવા આપતા.

તક્ષશિલાના પતન પછી વારાણસી એ વિદ્યાઅભ્યાસનું મુખ્ય કેન્દ્ર બન્યું. જયાં સંસ્કૃત, કર્મકાંડ અને તત્ત્વજ્ઞાનના વિમર્ષને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું. પછી નાલંદા વિશ્વવિદ્યાલયની સ્થાપના ગુપ્તકાળમાં બિહારમાં પટના નજીક હાલના બરગાંવમાં થઈ હતી. તે મૂળભૂત રીતે બૌદ્ધ અને મુખ્યત્વે "મહાયાન શાખા" ના અભ્યાસ માટે સમર્પિત હતી. તેમાં લગભગ દસ હજાર વિદ્યાર્થીઓ અને એક હજાર શિક્ષકો હતાં. જેમાં મહાન બૌદ્ધ વિદ્વાનો જેવા કે ધર્મકિર્તી, શીલભદ્ર, શાંતરક્ષિત, પદ્મસમ્ભવ, બૌદ્ધ સંદેશ ફેલાવવા માટે તિબેટ પણ ગયા. શિક્ષણ આપવા માટે વ્યાખ્યાન, શિબિર, વાદ-વિવાદ, શાસ્ત્રાર્થનો ઉપયોગ થતો હતો.

નાલંદામાં વિવિધ બૌદ્ધ સ્કૂલ ઉપરાંત મંત્રવિદ્યા અને જયોતિષ વિદ્યાનું પણ શિક્ષણ આપવામાં આવતું અને ત્યાં અનેક પ્લેનેટોરીયમ પણ હતાં. તેની લાયબ્રેરી પોતાના એક લાખથી વધારે પુસ્તકોના સંગ્રહ માટે પ્રસિદ્ધ હતી. વિશ્વવિદ્યાલયના સંચાલન માટે અનુદાન દેશના રાજા અથવા શ્રીમંત કટુંબો દ્વારા અને બહારના દેશો જેવા કે સુમાત્રામાંથી આપવામાં આવતું હતું.

નાલંદા સાથે વિક્રમશિલાએ પણ બૌદ્ધ વિચારસરણીના ઉદ્‌ભવ અને પ્રસારણ માટે મહત્ત્વનો ભાગ ભજવ્યો. તે ઉત્તર મગધમાં આવેલી હતી જેની સ્થાપના પાલ રાજવંશ દ્વારા કરવામાં આવી હતી. ત્યાંના અનેક વિદ્વાનો તિબેટ ગયા અને ભારતીય સંસ્કૃતિના પ્રચાર અને પ્રસારમાં પહેલાં તિબેટમાં અને પછી એશિયાના બીજા ભાગોમાં પોતાનો મહત્ત્વનો ફાળો આપ્યો.

આ રાજવંશના શાસકોએ વિક્રમશિલા વિશ્વવિદ્યાલયની જેમ ઓદન્તપુરી વિશ્વવિદ્યાલયની સ્થાપના પાટલીપૂત્રની પાસે આઠમી સદીમાં કરી હતી. જે અન્ય વિષયો સાથે સાથે તાંત્રિક વિદ્યાના અભ્યાસ માટેનું જાણીતું સ્થાન હતું. પૂર્વ ભારતમાં બંગાળના રાજા રામપાલે મગરળ વિશ્વવિદ્યાલયની સ્થાપના ગંગા અને કારતોઈ નદીના સંગમ પાસે વરેન્દ્ર પ્રદેશમાં કરી હતી.

ભારતના પશ્ચિમ ભાગમાં મૈત્રક રાજવંશના રાજાઓએ વલ્લભી વિશ્વવિદ્યાલયની સ્થાપના હાલના ગુજરાત (સૌરાષ્ટ્રના)ભાવનગર જીલ્લાના વલ્લભીપુર ખાતે કરી હતી. જયાં બૌદ્ધ વિચારનાં અભ્યાસ માટેની વ્યવસ્થા હતી.

આ વિશ્વવિદ્યાલયો ધર્મ, તત્ત્વજ્ઞાન અને જ્ઞાન પરંપરાના મુખ્ય કેન્દ્રો હતા જે એક સુગ્રંઠિત પ્રણાલિકા દ્વારા રચવામાં આવ્યા હતા. આ વિશ્વવિદ્યાલયોનું સમયાંતરે હ્રાસ થયો. આ વિશ્વવિદ્યાલયોએ કેટલાક જ્ઞાનના શિખર સમાન વિદ્વાનો આપ્યા પણ બીજી બાજુ સામાન્ય લોકોનો ખુબ મોટો સમુદાય હતા જે અજ્ઞાનના અંધકારમાં અક્ષિશિત રહયા. મહાન વિદ્વાનોએ બારિક અમુર્ત વિષયો પર જેવા કે વૈદિક વાંગ્મય, દર્શન (તત્ત્વજ્ઞાન), તર્કશાસ્ત્ર, વ્યાકરણ, ધર્નુવિદ્યા, અને રાજ શાસન વગેરે પર ગંભિર ચિંતન કર્યુ અને લગભગ 12 વર્ષ સુધી જ્ઞાનના પ્રસાર અને વ્યકિતત્વના નિર્માણ પર કેન્દ્રીત એવી શિક્ષણ વ્યવસ્થા પૂરી પાડી.

આ વિશ્વવિદ્યાલયોના હ્રાસ માટે અનેક કારણો જવાબદાર ગણાવી શકાય: પરિવર્તનની કુદરતી પ્રક્રિયા કે જે લાંબા સમયથી ટકી રહેલી વ્યવસ્થા સાથે જોડાયેલી છે, એક મોટા સમુદાયને ઉચ્ચ શિક્ષણ મેળવવાની વ્યવસ્થામાંથી વંચિત રાખવા બદલ, કૌશલ્યલક્ષી શિક્ષણનો અભાવ (જેને આપણે વોકેશનલ કે પ્રોફેશનલ અભ્યાસ તરીકે ઓળખીએ છીએ કે જે ગ્રામ્ય કારીગર, ખેડૂતો વગેરે માટે ઉપયોગી છે), પછીના સમયમાં સ્ત્રીઓની બાદબાકી, જ્ઞાનને જાતી વિશેષ સાથે સાંકળવાથી વગેરે. જ્ઞાનની આ સંસ્થાઓ સતત વિદેશી આક્રમણોથી અપ્રભાવિત નથી રહી મુસ્લિમ શાસનકાળમાં

નાલંદા વિશ્વવિદ્યાલય જેવી શૈક્ષિણક સંસ્થાઓનો વિધ્વંશ કરવામાં આવ્યો પણ તેઓ આ વ્યવસ્થાનો નાશ ન કરી શક્યા અથવા ન કર્યો. બીજી બાજું પછીના બ્રિટીશકાળમાં આ પ્રકારની સંસ્થાઓનો નાશ નથી કરવામાં આવ્યો પરંતુ તેને બાહ્ય રીતે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી. પરંતુ તેને આ વ્યવસ્થાઓનો નાશ કરી દીધો અને ભારતીય શિક્ષણનામક સુંદર વૃક્ષનું સમૂળ ઉન્મુલન કર્યું અને પોતાની શિક્ષણ વ્યવસ્થા લાગું કરી દીધી જેને આપણે સ્વંતત્રતા પછી પણ ન તો વિસ્થાપિત કરી શક્યા કે ન આમાં સુધારો કરી શક્યા.

ભારતીય મનીષા મનુષ્યનું અસ્તિત્વ અને જગતમાં મનુષ્ય જીવનને સુખકારી બનાવવાના વિષયો સાથે સદીઓથી મથતી રહી. જેને પરિણામે જ્ઞાનના વિવિધક્ષેત્રોમાં મૌલિક યોગદાન કર્યું. જેમાં આ બધાં વિશ્વવિદ્યાલયોએ પોતાની ભૂમિકા ભજવી. સમયાંતરે જ્ઞાનના લોકતંત્રીકરણ અને શોધ પ્રવિધિ-પદ્ધતિની સૂક્ષમતા અને તેનું પ્રમાણિકરણ અને સંસ્થાકરણના અભાવે, વિશેષ કરીને વિજ્ઞાનના ક્ષેત્રે, આ સંસ્થાઓનો હ્રાસ થયો. જ્ઞાનની આ સંસ્થાઓના ઉત્થાન અને તેના લુપ્ત થતા અવશેષોથી બોધ પાઠ લેવાની જરૂર છે વિશેષતઃ પ્રકાશ પર્વના અવસરે.

નવા વર્ષની શુભકામનાઓ સાથે.

પ્રો.અવધેશકુમાર સિંહ

## ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિર્વસિટી ચિંતન સપ્તાહ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા.૧૭ થી ૨૩ ઓકટોબર,૨૦૦૭ સુધી ચિંતન સપ્તાહનું આયોજન કરવામાં આવેલ.જેમાં યુનિવર્સિટીએ નવા શરૂ કરેલ પ્રોફેશનલ અભ્યાસક્રમો અંતર્ગત નીચે દર્શાવ્યા મુજબના વિવિધ છ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં



પ્રો. એ.કે. સિંહ મા. કુલપતિશ્રી(બા.આ.ઓ.યુ), ડૉ. અનિલ નાવલે (ભૂ.પૂ. પ્રોફેસર એન્ડ હેડ, સોશ્યલ વર્ક ડિપાર્ટમેન્ટ, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા) ,શ્રીમતી ભાવનાબેન જોષીપુરા (સેક્રેટરી, ઓલ ઈન્ડિયા વિમેન કોન્ફરેન્સ),ડૉ. શ્રધ્ધાબેન રાય (ડાયરેક્ટર, ગુજરાત કેળવણી મંડળ),ડૉ. આર. ડી. મૂળિયા ઈ.ચા. નિયામક(બા.આ.ઓ.યુ)

### [1] 17th October, 2007
### Role of NGOs in Women Empowerment

તા. 17/10/07નાં રોજ "Role of NGOs in Women Empowerment" વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સેમિનારમાં ડૉ. અનિલ નાવલે (ભૂ.પૂ.પ્રોફેસર એન્ડ હેડ, સોશ્યલ વર્ક ડિપાર્ટમેન્ટ, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા) તેમજ અતિથિવિશેષ પદે શ્રીમતી ભાવનાબેન જોષીપુરા (સેક્રેટરી, ઓલ ઈન્ડિયા વિમેન કોન્ફોરન્સ) હાજર રહેલ. પ્રમુખપદેથી મા. કુલપતિશ્રી પ્રો. એ.કે. સિંહે સ્ત્રીસશકિતકરણ પર ભાર મૂકી 21 મી સદીમાં સ્ત્રીઓનું સમાજમાં સ્થાન વિશે ચર્ચા કરી હતી. ડૉ. આર. ડી. મૂળિયા (ઈ.ચા.નિયામક) એ પણ રસોડાથી સ્પેસ શટલ સુધીની સ્ત્રીઓની પ્રગતિની ચર્ચા કરી હતી.

ડૉ. શ્રધ્ધાબેન રાય (ડાયરેકટર, ગુજરાત કેળવણી મંડળ) એ તજજ્ઞ તરીકે અભિપ્રાય આપતા જણાવેલ કે હાલ સ્ત્રી સશકિતકરણ માટે NGOs ખુબ કાર્યરત છે. મહિલા સેવા સહકારી બેંક જેવી સંસ્થા ફકત સ્ત્રીઓ માટે તેમજ સ્ત્રીઓને જ લગતી પ્રવૃત્તિ કરે છે જે ખરેખર ઉલ્લેખનીય છે.

શ્રી નલિનીબેન જાડેજા (સિનિયર એડવોકેટ એન્ડ સોશિયલ વર્કર) એ તજજ્ઞ તરીકે ચર્ચા કરતા જણાવેલ કે સ્ત્રીઓમાં પણ અત્યારે એટલી જાગૃતિ આવી છે કે જેઓ NGOs માં પોતાની સમસ્યાઓનાં સમાધાન માટે આવી શકે છે.

ડૉ. અનિલ નાવલે (ભૂ.પૂ. પ્રોફેસર એન્ડ હેડ, સોશ્યલ વર્ક ડિપાર્ટમેન્ટ, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા)એ સ્ત્રી સશકિતકરણનાં સામાજિક, કાયદાકીય અને આર્થિક પાસાંઓ પર ભાર મૂકયો હતો.

શ્રીમતી ભાવનાબેન જોષીપુરા (સેક્રેટરી, ઓલ ઈન્ડિયા વીમેન કોન્ફોરન્સ, રાજકોટ)એ સ્ત્રીઓની વિવિધ પાસાંઓની જાગૃતિને કારણે આર્થિક વિકાસમાં નાણાકીય હિસ્સાનાં વધારાની વાત કરી હતી. શ્રીમતી મહાશ્વેતાબેન વૈદ્ય (પ્રમુખ, જૂનાગઢ જીલ્લા મહિલા મંડળ, જૂનાગઢ) દ્વારા સ્ત્રીઓની કાયદાકીય જાગૃતિને પરિણામે દહેજપ્રથા, સતીપ્રથા જેવા દુષણો ઘટયા છે તેવું જણાવેલ.

અંતમાં પ્રો. ગૌરાંગભાઈ જાની (ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) તથા ડૉ. આર.ડી. વાઘાણી (MSW Dept. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ) દ્વારા સ્ત્રીઓની વિવિધ વિષયો પરત્વેની જાગૃતિ અને સમાજમાં તેઓના સ્થાનની ચર્ચા કરી હતી.

અંતમાં ધાર્મિણીબેન મહેતા (વ્યાખ્યાતા, કોમર્સ મેનેજમેન્ટ) એ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન સુરભિબેન ભપલ (વ્યાખ્યાતા અંગ્રેજી)એ કર્યું હતું. સેમિનારનું આયોજન ડૉ. ધવલ પંડયા (વ્યાખ્યાતા કોમર્સ મેનેજમેન્ટ) અને રાજુભાઈ વન (પ્રોજેકટ ઓફીસર, MSW) એ કરેલ.



સેમિનારમાં રસપૂર્વક ભાગ લઈ રહેલ કેન્દ્રોના કો-ઓર્ડીનેટર્સ તથા યુનિ.સ્ટાફગણ

## [2]18th October, 2007
## Paradigms of Financial Services in India

તા.18/10/07નાં રોજ "Paradigms of Financial Services in India" વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં અતિથિવિશેષ તરીકે ડૉ. મહેશ જોષી,હેડ ઓફ ડિર્પાટમેન્ટ (અર્થશાસ્ત્ર), સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ અધ્યક્ષસ્થાને મા.કુલપતિશ્રી પ્રો. એ.કે. સિંહ તથા ડૉ. આર.ડી. મૂળિયા (નિયામકશ્રી)એ હાજરી આપેલ, તેમજ તેમનાં વિચારો રજૂ કર્યા હતા. ડૉ. આર.ડી. મૂળિયા ઈ.ચા.નિયામક, ડૉ. બાબાસાહેબ આબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ એ પોતાનાં સ્વાગત પ્રવચનમાં રાજયવ્યવસ્થાનાં અસ્તિત્વ બાદ ફાયનાન્સીયલ મેનેજમેન્ટનાં રાજયકક્ષાએ વિકાસની ચર્ચા કરી હતી. અને 18 મી સદીની Village Driven Economy ક્રમશઃ બદલાવાની શરૂઆત થઈ હતી પછી Industrial Revolution



ડૉ. મહેશ જોષી, મા.કુલપતિશ્રી પ્રો. એ.કે. સિંહ તથા ડૉ. આર.ડી. મૂળિયા ઈ.ચા.નિયામકશ્રી, શ્રી એ. ઘોષ

દ્વારા વિકાસની નવી ક્ષિતિજોનો વ્યાપ થયો. ત્યારબાદ 20મી સદીમાં બેકિંગ સેવાને કારણે નાણાકીય સેવાઓનાં વિકાસ અંગે ચર્ચા કરી.

ત્યારબાદ ડૉ. મહેશભાઈ. જોષીએ અતિથિવિશેષ પદેથી ચર્ચા કરતા જણાવેલ કે અત્યારે નાણાકીય સંચાલનની અગત્યતા ખુબ વધી ગઈ છે. અર્થતંત્રની સફળતા કે નિષ્ફળતાનો આધાર નાણાકીય સંચાલન પર રહેલ છે. જયારથી ભારતીય નાણા બજારને ખાનગી ક્ષેત્ર માટે ખુલ્લું મુકવામાં આવેલ છે. ત્યારથી બેકિંગ ક્ષેત્રમાં પ્રગતિની શરૂઆત થઈ છે. 1969માં કોમર્શિયલ બેંકિંગ યુનિટ જે 73 હતા તે 2004 માં 286 થયા. અત્યારે 69,052 બેકોંની શાખાઓ અસ્તિત્વ ધરાવે છે. માથાદીઠ ધિરાણ આશરે રૂ. 68 થી રૂ. 6240 જેટલુ થવા પામ્યું છે. ખેડૂતો ધિરાણ શાહુકારોને પરત કરી શકતા ન હતા તેને પરિણામે જે આત્મહત્યાનું પ્રમાણ હતું જે બેકિંગ ક્ષેત્રનાં વિકાસ દ્વારા ઓછું થયુ છે. પરંતુ હજી પણ 10% લોકોની દૈનિક માથાદીઠ આવક 21.5 કરતાં પણ ઓછી છે. આથી ક્ષમતાવિકાસ સાથે આગળ વધવા માટેની વહેંચણી વ્યવસ્થિત કરવી જરૂરી છે. તેવું તેઓએ વકતવ્યમાં જણાવ્યું હતું.


અધ્યક્ષીય પ્રવચનનાં યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો. એ.કે.સિંહે યુનિવર્સિટી દ્વારા દાખલ કરવામાં આવેલ પ્રોફેશનલ તેમજ વોકેશનલ અભ્યાસક્રમોને યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓની પ્રગતિ માટે લેવામાં આવેલ એક જ્ઞાનની દિશા તરફની પ્રગતિ જણાવેલ . વિદ્યાર્થી સહાય સેવાઓ પણ યુનિવર્સિટી માટે ખુબ જ અગત્યનો વિભાગ છે. પરંતુ આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ એ છે કે વિદ્યાર્થી અભ્યાસકેન્દ્ર પરથી પણ બધી જ માહિતી મેળવી શકે. પ્રણાલિકા મુજબ પરામર્શન અને અધ્યાપન કાર્ય વચ્ચે કોઈ તફાવત નથી. યુનિવર્સિટી વિદ્યાર્થીઓ પાસેથી ફી સ્વરૂપે જે રકમલે છે તેના બદલામાં યુનિવર્સિટી દ્વારા જેટલું બને તેટલું સારું જ્ઞાન વિદ્યાર્થીઓને આપવું. યુનિવર્સિટી દ્વારા પરામર્શકો સાથે વિષય બાબતે ચર્ચા પણ કરવામાં આવે છે. નાણાકીય સંચાલનનું કાર્ય બદલાતી જતી ઉત્પાદન પ્રક્રિયા સાથે અર્થ વ્યવસ્થામાં પણ ફેરફાર લાવવા જરૂરી છે. બેકિંગ ક્ષેત્રનાં ઉદ્‌ભવ પહેલા સમાજમાં હૂંડી પ્રથા પ્રચલિત હતી. પરંતુ હાલ હૂડીં પ્રથા ઘણાખરા અંશે નાબુદ થઈ ગઈ છે. હાલ અનેક સવલતો ધરાવતી બેંકિંગ પ્રણાલી અસ્તિત્વ ધરાવે છે. તેમજ ATM ના વિકાસથી તો ગમે તે સમયે પૈસા મેળવી વ્યવહારો સરળતાથી ચલાવી શકાય છે.

વકતા તરીકે આમંત્રિત ડૉ. ભારતીબેન પાઠક (રીડર સ્કૂલ ઓફ કોમર્સ, અમદાવાદ) એ તેમનાં વિચારો રજૂ કરતાં જણાવેલ કે હાલમાં બે પ્રકારનાં રોકાણો હોય છે. Foreign Equity Investment and Private Equity Investment રીલાયન્સ, ટાટા જેવી કંપનીઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે છે તેનું મુખ્ય કારણ નાણાકીય સંચાલન છે. પ્રણાલિકાગત નાણાકીય સંચાલન સુવ્યવસ્થિત જોવા મળે છે. જેનો ફાયદો એ છે જેમાં જોખમનું તત્ત્વ ઓછુ હોય છે અને પ્રક્રિયામાં પારદર્શિતા જોવા મળે છે. પરંતુ તેમાં વ્યાજદર ઘણો વધારે જોવા મળે છે. આ ઉપરાંત તેઓએ આર્થિક વૃધ્ધિ દર પર પણ પ્રકાશ પાડયો હતો. તેઓએ જણાવેલ કે નાણાકીય સંચાલન Globalisation તેમજ Liberalization દ્વારા ખુલવું ખૂબ જરૂરી છે.

શ્રી હેતાંગભાઈ શાહ - વ્યાખ્યાતા એ તેમનાં વકતવ્યમાં જણાવેલ કે સીધું Equity Marketનું Investmentમાં જોખમનું તત્ત્વ વધારે છે. અત્યારની Young Generation ને Major Taker કહી શકાય કારણ કે જાણે છે કે સ્ટોક માર્કેટમાં કેવી રીતે રોકાણ કરી શકાય અને મહત્તમનફો પ્રાપ્ત કરી શકાય.

શ્રી આશિષભાઈ શાહ જેઓ ચાર્ટડ એકાઉન્ટન્ટ તરીકે સેવાઓ આપે છે તેઓ 56 ડિગ્રી, ડિપ્લોમા અને સર્ટીફિકેટ ધરાવે છે જેઓએ પોતાની ચર્ચામાં શેરબજારમાં આવતા પરિવર્તનો મંદી અને તેજીની પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી. આ ઉપરાંત P-Notes (Participatory) નિતી નિયમોનાં પાલન માટે જ હોય છે. માંગમાં વધારો થતા ઉત્પાદનમાં પણ વધારો થાય છે. શેરબજારમાં કોઈપણ વ્યકિત ગમે ત્યારે દાખલ થઈ શકે અને વ્યવહારો કરી શકે છે.

અંતમાં શ્રી અરવિંદો ઘોષ (Co-ordinator, IHTM)એ સર્વે આમંત્રિતોનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુરભિબેન ભપલ (વ્યા. અંગ્રેજી) અને માર્ગીબેન વચ્છરાજાની (પ્રોજેક્ટ ઓફિસરે) કરેલ.



ડૉ. મહેશ જોષી, મા.કુલપતિશ્રી પ્રો. એ.કે. સિંહ તથા ડૉ. આર.ડી. મૂળિયા (નિયામકશ્રી), શ્રી એ. ઘોષ

## [3]19th October, 2007
## Management : Issues and Approaches..

તા. 19/10/07 નાં રોજ Management in 21st Century : issues and Approaches વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં અતિથિ વિશેષ તરીકે શ્રી પી.પનીરવેલ (પ્રિન્સિપલ સેક્રેટરી, એજયુકેશન ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર, ગાંધીનગર), હાજર હતા. અધ્યક્ષપદે મા. કુલપતિશ્રી એ.કે. સિંહ હાજર રહેલ. આ ઉપરાંત શ્રી શ્રધ્ધાબેન રાય (બોર્ડ સભ્ય યુનિવર્સિટી અને ડાયરેકટર, ગુજરાત કેળવણી મંડળ) તેમજ ડૉ. આર.ડી. મૂળિયા, ડાયરેક્ટર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હાજર રહેલ. ડૉ.આર.ડી.મૂળિયાએ પોતાના સ્વાગત પ્રવચનમાં જણાવેલ કે 21 મી સદી જ્ઞાનના વિસ્તાર અને વિકાસની સદી છે. દરેક ક્ષેત્રમાં વિકાસ થઈ રહયો છે ત્યારે અભ્યાસની દિશામાં વિચાર-વિસ્તાર ખરેખર ઉલ્લેખનીય છે. અત્યારે સંચાલન, નાણાકીય તેમજ વિકાસ એ ત્રણે દિશામાં વિચારની ક્ષિતિજો વિસ્તરી છે. રીતરિવાજો અને પ્રણાલિકાઓનાં પરિવર્તનની સાથે જુની સંસ્કૃતિ હજી પણ જીવિત છે.



સેમિનારનું દીપ પ્રકટાવી ઉદ્ઘાટન કરતા શ્રી પી.પનીરવેલ આઈ.એ.એસ. પ્રિન્સિપલ સેક્રેટરી, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર

ત્યારબાદ ડૉ. અરવિંદો ઘોષ (વ્યવસ્થાપક, IHTM) એ પણ મેનેજમેન્ટ ક્ષેત્રે આવેલ ઈલેકટ્રોનીક યુગની વાત કરી હતી. જેમાં નેશનલાઈઝ્ડ બેંકોને પ્રાઈવેટ બેંકો દ્વારા ટેક ઓવર કરી થાપણો વધારી ધિરાણની માત્રામાં પણ વધારો કરી શકાય છે. નાની નાની કંપનીઓને પણ મોટી કંપનીઓ દ્વારા ટેક ઓવર કરી બજારમાં સ્થાન ટકાવી શકાય તે બાબત પર પ્રકાશ પાડયો હતો.

સેમિનારનું મુખ્ય વક્તવ્ય આપતા શ્રી પી. પનીરવેલે (પ્રિન્સિપાલ સેક્રેટરી, એજયુકેશન ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર, ગાંધીનગર) જણાવેલ કે અત્યારના યુગમાં મેનેજમેન્ટનાં મૂળભૂત ખ્યાલો બદલાઈ રહયા છે. પહેલાના જમાનામાં મેનેજમેન્ટ અંગે ખ્યાલ પ્રવર્તતો હતો કે મેનેજમેન્ટ એટલે કે ઘર, રાજય, દેશનું સંચાલન પણ આજે જો વ્યવસાયનું વ્યવસ્થિત રીતે સંચાલન કરી શકાય તે જ ખરું મેનેજમેન્ટ એવું તેઓએ જણાવેલ. મેનેજમેન્ટનાં પાયાના સિદ્ધાંતોમાં આવેલ નજીવું પરિવર્તન સમાજે અપનાવેલ છે અને કાર્ય કરેલ છે. ઔદ્યોગિક ક્રાંતિ બાદ દરેક ઉદ્યોગને એક નવી દિશા મળી છે અને તે અનુસાર પરિવર્તનો આવવાની શરૂઆત થઈ ગઈ છે. ચીનમાં આવેલ ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે જડમૂળમાંથી પરિવર્તન આવી ગયા છે. તેમણે વધુમાં જણાવેલ કે, એવુ કહેવાય છે કે " In business you have to kill somebody otherwise you will be killed" સમગ્ર વિશ્વ અત્યારે એક ગામડું બની રહયું છે. વૈશ્વિક ફેરફારો તેમજ શોધખોળો દ્વારા અત્યારે ટેકનોલોજી દિવસે ને દિવસે દરેક ક્ષેત્રમાં વધુ ને વધુ દાખલ થઈ રહી છે. સિદ્ધાંતો બદલાયા નથી પરંતુ સિદ્ધાંતોનાં અમલીકરણની ઝડપ વધી રહી છે. એ ઝડપ એટલી બધી વધી રહી છે કે તેના પરનો અંકુશ શકય નથી. ગયા વર્ષે ઓટોમોબાઈલ ક્ષેત્રમાં ક્રાંતિ આવેલ Global Warming એ પણ અત્યારે સ્થાન લીધુ છે.



શ્રી પી.પનીરવેલ (પ્રિન્સિપલ સેક્રેટરી, એજયુકેશન ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર, ગાંધીનગર) મા.કુલપતિશ્રી પ્રો. એ.કે. સિંહ તથા ડૉ. આર.ડી. મૂળિયા ઈ.ચા.નિયામકશ્રી

આર્થિક સમૃધ્ધિ, સંપત્તિ, ઉત્તમસંચાલકની વ્યાખ્યામાં પણ ફેરફાર થવા લાગ્યા છે. ભારતનું યુવાધન વધારે ને વધારે સમૃધ્ધ થતું જાય છે. અમુક લોકોની જીંદગી ઘણી તનાવપૂર્ણ કાર્યભારથી લદાયેલી જોવા મળે છે પરંતુ મેનેજમેન્ટનાં સિધ્ધાંતોનાં કાર્યક્ષેત્ર ઉપયોગ દ્વારા તેમાં ઘટાડો કરી શકાય. શેરબજાર પણ 21 મી સદીમાં મોટા પાયે સમૃધ્ધ થતું જોવા મળે છે.

મા. કુલપતિશ્રીએ પોતાનાં અધ્યક્ષીય પ્રવચનમાં જણાવેલ કે શ્રી પી. પનીરવેલનાં વકતવ્યમાંથી ઘણું શીખવા યોગ્ય છે આપણે સંચાલનનાં સિદ્ધાંતોનાં આધ્યાત્મિક પાસાંઓનો પણ અભ્યાસ કરવો જરૂરી છે. મા.કુલપતિશ્રીએ ભારતીય પરંપરામાંના મેનેજમેન્ટના કેટલાંક મૉડેલોની ચર્ચા કરી હતી. આધ્યાત્મિક અનુકરણ દ્વારા મેનેજમેન્ટનાં સિદ્ધાંતોનો અમલ કઈ રીતે કરી શકાય તે વિશે તેમણે તેમના વકતવ્યમાં જણાવેલ.

ત્યારબાદ પ્રો. ધવલ મહેતા (ભૂતપૂર્વ ડાયરેક્ટર, બી.કે. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)એ તજ્જ્ઞ તરીકે તેમનો અભિપ્રાય આપ્યો હતો. તેઓએ મેનેજમેન્ટનાં સિદ્ધાંતો અને તેનાં અમલીકરણ પર પ્રકાશ પાડયો હતો. તેઓએ જણાવ્યુ હતુ કે 21 મી સદી હોટલ મેનેજમેન્ટ, ટ્રાવેલ મેનેજેમેન્ટની સદી છે. હવે મેનેજમેન્ટ પરથી વ્યુહાત્મક આયોજન પર પરિવર્તન આવવા લાગ્યું છે. પહેલાંના મેનેજમેન્ટનાં સિદ્ધાંતો નફો, આર્થિક પ્રગતિ, માનવશકિત, માલસામાન, નાણા વગેરે પર ભાર મૂકતા હતા. પરંતુ હાલના મેનેજમેન્ટનાં સિદ્ધાંતો વ્યુહાત્મક આયોજન પરનાં રીસર્ચ અને જ્ઞાન પર પ્રકાશ પાડે છે. જેમાં સરકારનો હિસ્સો ખૂબ ઓછો અને પ્રાઈવેટ કંપનીઓનો હિસ્સો ઘણો વધારે જોવા મળે છે. 21 મી સદીનું આયોજન દરેક ક્ષેત્રને આવરી લેતુ આયોજન છે. જે માનવસંશાધન સુધારણાની દિશામાં પણ કાર્યરત છે.

પ્રા. જે.એસ. પવાર (પ્રાધ્યાપક અને હેડ MBA પ્રોગ્રામ, સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગર) એ પણ મેનેજમેન્ટનાં સિદ્ધાંતોના 21 મી સદીમાં અમલીકરણ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. તેઓએ જણાવેલ કે હરીફાઈના આ યુગમાં સિદ્ધાંતો કઈ રીતે ઉપયોગી થાય.

ડૉ. ઉપિન્દ્ર ધર (ડાયરેકટર, ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ, નિરમા યુનિવર્સિટી, અમદાવાદ)એ કર્મ, ભકિત અને જ્ઞાનમાં મનુષ્ય જીવન વહેંચાયેલ છે. અહીં સાત્વિક, રાજવિક, માનસિક અને તામસિક એ ચાર પરિસ્થિતિથી માણસં અલગ પડે છે. મોર્ડન મેનેજમેન્ટ અનુસાર બદલાવ એ સતત પ્રક્રિયા છે. તેવું તેમણે તેમનાં વકતવ્યમાં વિસ્તારથી જણાવેલ.



સેમિનારમાં રસપૂર્વક ભાગ લઈ રહેલ કેન્દ્રના કો-ઓર્ડીનેટર્સ તથા યુનિ. વ્યાખ્યાતાઓ

પ્રા. એચ.જે. જાની (MBA પ્રોગ્રામ, સરદાર પટેલ યુનિવર્સિટી, વિદ્યાનગર) એ પણ તજ્જ્ઞ તરીકે Indian Ethos & Management પર ચર્ચા કરેલ જેમાં તેઓએ Ethos પર વિસ્તારપૂર્વક ચર્ચા કરેલ.

પ્રો. સરલા અચ્યુતમ(ડાયરેક્ટર, બી.કે. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) દ્વારા પણ મેનેજમેન્ટ સ્ટડીઝનાં વ્યુહાત્મક આયોજન પર પ્રકાશ પાડયો હતો અને વિગતવાર માર્ગદર્શન આપ્યુ હતુ.

એસો. પ્રો. એચ.જે. શુકલા (ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ) દ્વારા પણ વ્યુહાત્મક આયોજન અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

અંતમાં માર્ગીબેન વચ્છરાજાની (પ્રોજેકટ ઓફીસર, એકાઉન્ટન્સી)એ સર્વે આમંત્રિતોનો આભાર માન્યો હતો. સમગ્ર સેમિનારનું સંચાલન સુરભિબેન ભપલ (વ્યાખ્યાતા-અંગ્રેજી) અને માર્ગીબેન વચ્છરાજાની (પ્રોજેકટ ઓફીસર)એ કરેલ. સમગ્ર સેમિનારનું આયોજન ડો. ધવલ પંડયા વ્યાખ્યાતા કોમર્સ અને મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## [4]22th October, 2007
## Tourism in India:Global and Local Perspectives



શ્રી બન્ડોપંથ મુથે, (અગમા એડયુટેઈનમેન્ટ, મુંબઈના ઈકોનોમીક એડવાઈઝર),શ્રીમતી રૂપલ સંઘવી, (ડાયરેકટર ઓફ લીલાવતી કોલેજ), ડૉ.આર.ડી. મુખિયા(આંબેડકર ઓપન યુનિવર્સિટી), ડૉ.એ.ઘોષ (I.H.T.M)

22/10/2007 ના રોજ Tourism in India:Global and Local Perspectives વિષય પર મા.કુલપતિશ્રી ડૉ. અવધેશકુમાર સિંહના માર્ગદર્શન હેઠળ ઈન્સ્ટિટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ પુનેના સહયોગથી એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનું ઉદ્‌ઘાટન ડૉ.બન્ડોપંથ મુથે, અગમા એડયુટેઈનમેન્ટ, મુંબઈના ઈકોનોમીક એડવાઈઝરના હસ્તે કરેલ હતું. શ્રીમતી રૂપલ સંઘવી, ડાયરેકટર ઓફ લીલાવતી કોલેજ આ સેમિનારમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા. ડૉ. આર.ડી. મુખિયા ઈ.ચા.નિયામક આંબેડકર ઓપન યુનિવર્સિટી આ સેમિનારના અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહયા હતા અને તેમણે સ્વાગત વિધિથી આતિથ્ય સત્કાર કર્યો હતો. ડૉ. અરવિંદ ઘોષ, ઈન્સ્ટીટયૂટ ઓફ હોટલ મેનેજમેન્ટના સંચાલકશ્રીએ આ સેમિનાર સંબંધિત પોતાના ટૂંકમાં વિચારો રજૂ કર્યા હતા.

સેમિનારની શરૂઆત ડૉ.બન્ડોપંથ મુથે પ્રવાસના આર્થિક દષ્ટિકોણથી કરેલ. તેમણે ભારત કેવી



શ્રી બન્ડોપંથ મુથે,(અગમા એડયુટેઈનમેન્ટ, મુંબઈના ઈકોનોમીક એડવાઈઝર),શ્રી,કિર્તી ઠાકર,શ્રી.અજેશ મેનન,શ્રી.લખાવત, ડૉ.એ.ઘોષ

રીતે પ્રવાસ દ્વારા આર્થિક રીતે સમૃધ્ધ થઈ શકે તે વિશેનો ચિતાર રજૂ કર્યો હતો. 2020 સુધીમાં ભારત દુનિયાનું પ્રવાસ માટેનું શ્રેષ્ઠ સ્થળ કેવી રીતે બની શકે તે સંદર્ભે તેમનું મંતવ્ય દર્શાવ્યું હતુ. તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે ભારત ચાઈનાને પાછળ રાખી આ ક્ષેત્રમાં પોતાનું સ્થાન જમાવી શકે તેમછે જ, પરંતુ તેના માટે ભારત સરકારના વિભિન્ન રાજય સરકાર દ્વારા સુયોગ સુવિધા પ્રદાન કરવામાં આવે તો જ તે શકય બને. એવી જ રીતે શ્રીમતી રૂપલ સંઘવી, લીલાવતી કોલેજના સંચાલક, પ્રો. લખાવત ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ, ગાંધીનગરથી તથા રાજેશ મેનન ઈમ્પિરીયલ ટૂરીઝમવેકેશનથી અને કિર્તી ઠાકર ગુજરાત ટૂરીઝમના સંચાલક પણ ઉપસ્થિત રહીને તેમણે તેમના મંતવ્યો રજૂ કર્યા હતા. જેમાં તેમણે ભારત મુસાફરી નિગમના ભવિષ્ય અંગેની રજૂઆત કરી હતી. કીર્તી ઠાકર સાહેબે ગુજરાત રાજયના ટૂરીઝમપર વિડીઓ સ્લાઈડ દર્શાવી હતી. તેમણે જણાવ્યું હતું કે ગુજરાત રાજય સરકારે અલગ-અલગ ટૂરીઝમપરના અભિનવ કાર્યક્રમદ્વારા આ ક્ષેત્રમાં ગુજરાત સરકારનો પ્રયાસ દર્શાવ્યો હતો. જુદા જુદા મંતવ્યો પણ શ્રોતાઓ દ્વારા અભિવ્યકત કરવામાં આવ્યા હતા. સકારાત્મક અભિગમઅને કાર્યાત્મકશ શ્રોતાઓની હાજરી વચ્ચે સેમિનારનું સમાપન થયું બધાના દઢ નિર્ધાર સાથે કે આપણે ગુજરાત રાજય સરકારને નિવેદન મોકલીશું કે તેઓ મુસાફરોનો ગુજરાત દર્શને આવવાનો દર વધારે અને આ ક્ષેત્રને વધારે અને વધારે પ્રોત્સાહન આપે. આ રીતે તબક્કાવારના સુયોગ્ય કાર્યક્રમદ્વારા સેમિનારનું સમાપન થયેલ હતું.

## [5]23th October, 2007
## Recent Trends in Hospitality Management

23/10/2007 ના રોજ ઉપરોક્ત વિષય પર આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં શ્રી નરેન્દ્ર સોમાણી ગ્રાન્ડ ભગવતી હોટલના ચેરમેન એન્ડ મેનેજીંગ ડીરેકટર મુખ્ય અતિથિના સ્થાને ઉપસ્થિત રહયા હતા તથા સેમિનારના ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રો. સલીલ ચેટરજી અતિથિ વિશેષ ઉપસ્થિત રહયા હતાં. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના બોર્ડ મેમ્બર શ્રીમતી શ્રધ્ધાબેન રાયના વકતવ્ય દ્વારા સેમિનારને દિશા સૂચન તથા સ્વાગત વિધિ કરવામાં આવેલ હતી. ઈન્સ્ટીટયૂટ ઓફ હોટલ મેનેજમેન્ટના સંચાલક શ્રી ડૉ. ઘોષ દ્વારા સેમિનાર સંબંધિત ટૂંકુ વકતવ્ય રજૂ કરવામાં આવેલ હતું.



શ્રી પરાગભાઈ નાયક યુનિવર્સિટીના બોર્ડ મેમ્બર, શ્રી રાહુલ કનગટ ગુજરાત ઈન્સ્ટીટયૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ, શ્રીમતી શ્રધ્ધાબેન રાય યુનિવર્સિટીના બોર્ડ મેમ્બર, ડૉ. એ. ઘોષ સાહેબ

ત્યારબાદ શ્રી નરેન્દ્ર સોમાણી સાહેબે તેમના વક્તવ્યમાં જણાવ્યુ હતુ કે પોતે જીવનની મુશ્કેલમા મુશ્કેલ પરિસ્થિતિ સામે કેવી રીતે માર્ગ કાઢીને આગળ વધ્યા અને આજે એ ગૌરવ સમા હોદ્દાના સ્થાને પહોચ્યા છે. વ્યકિત કે જેની પાસે પૈસા પણ ન હતા અને કુટુંબના સખત વિરોધ સામે કેવી રીતે તેમણે “ભગવતી ચાર્ટ” ની શરૂઆત કરી અને ભારતના દરેક ખૂણે પહોંચીને દરેક રાજયના ખાનપાનની ઓળખ મેળવીને તેમણે આ વ્યવસાયમાં પોતાનું સ્થાન જમાવ્યું તેમણે સાચા અર્થમાં પૂરવાર કર્યુ છે કે “જયાં ચાહ હોય, ત્યાં રાહ મળી જ રહે છે.” તેમણે જણાવ્યું કે તે કેવી કેવી મુશ્કેલીઓના રસ્તા શોધીને તેમાંથી બહાર આવ્યા હતાં. અને તેમણે અત્યારના આ ક્ષેત્રમાં પ્રવેશવા માટે કેવી મુશ્કેલીનો સામનો કરવો પડશે અને તેના માટે વ્યકિતમાં કેવા પ્રકારની આવડત હોવી જોઈએ તે પણ જણાવ્યુ હતું. શ્રીમાન સોમાણી સાહેબે શ્રોતાઓને જણાવ્યુ હતુ કે તમારા વિદ્યાર્થીઓને સપના જોતા શીખવો તો જ તે મોટા બની શકશે. જો વ્યકિત પાસે ઊંચી મહત્ત્વાકાંક્ષા નહિ હોય તો તે કયારેય સફળતા પ્રાપ્ત કરી શકશે નહીં. ત્યારબાદ સલીલ ચેટરજી સાહેબે અભ્યાસ સંબંધિત દૃષ્ટિકોણ રજૂ કર્યો હતો અને વકતવ્ય આગળ ધપાવતા તેમણે આતિથ્ય સત્કારની તાલીમચોકકસ રીતે ગોઠવાયેલી હોવી જોઈએ એમજણાવ્યું હતું. મોટાભાગની હોટલો તરફથી તાલીમાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત થતું નથી તેથી જ આ ક્ષેત્રના તાલીમાર્થીમાં એક ખરાબ છાપ ઉભી થઈ છે. તેમપણ જણાવ્યુ હતુ. ગુજરાત ઈન્સ્ટીટયૂટ ઓફ હોટલ મેનેજમેન્ટથી



પ્રો. એ.કે.સિંહ, મા.કુલપતિશ્રી ડૉ,બા,આં,ઓ.યુ. શ્રી જોસેફ ડી.ક્રોટો જનરલ મેનેજર,મેરીડીયન, શ્રી રાહુલ કનગટગુજરાત ઈન્સ્ટીટયૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ, શ્રી ડૉ. ઘોષ સાહેબ

શ્રીમાન રાહુલ કનગટ અને શ્રીમતી કનાગટે આ ક્ષેત્રને આગળ વધારવુ એ એક સામાજિક જવાબદારી થાય એ ખૂબ જરૂરી છે તેમજણાવ્યું હતું અને તેમની રજૂઆત દ્વારા તેમણે આ ક્ષેત્રના ફાયદા, જરૂરીયાતો અને મુશ્કેલીઓનો ચિતાર રજૂ કર્યો હતો. અંતમાં લે મેરીડીયનના જનરલ મેનેજરશ્રી જોસેફ ડી.કુટો સાહેબ દ્વારા આ ક્ષેત્રની હકીકત વર્તમાન અને ભવિષ્ય તરફનો માર્ગ દર્શાવાયો હતો. તેમણે વારંવાર જણાવ્યું હતું કે તાલીમાર્થીના મનમાં એવી ધારણા ના બંધાવી જોઈએ કે તેઓ માત્ર આ ક્ષેત્રમાં આવીને સફાઈ કામમાં જોડાવું પડશે તેની જવાબદારી શિક્ષકોની છે. હાર્દિક ગજ્જર ઓરિયા પેસિફિકના સંચાલકશ્રીએ પણ જણાવ્યુ હતુ કે આ ક્ષેત્રમાં તાલીમપામેલા વિદ્યાર્થીઓની ખૂબ જ જરૂર છે.

ગુજરાતના લોકોને આ ક્ષેત્ર વધારે આકર્ષી શકયુ નથી તેનું કારણ આ ક્ષેત્રને વધારે મહત્ત્વ આપવામાં આવતુ નથી તે છે. તેમણે આ ક્ષેત્રના તાલીમાર્થીઓ કયા વિભાગોમાં જોડાઈને પોતાનુ ભવિષ્ય ઘડી શકે તે માટેની તકો જણાવી હતી. ત્યારબાદ ગુજરાત રાજય સરકારને આ ક્ષેત્રને ઊંચુ લાવવા માટેનું નિવેદન કરવાનું ઉપસ્થિતિ સભ્યો દ્વારા નિર્ધાર કરવામાં આવ્યો હતો. અંતમાં સમાપન વિધિ સમયે આપણા માનનીય કુલપતિશ્રી અવધેશકુમાર સિંહે પોતાના વકતવ્યમાં આ ક્ષેત્રની તકો અને ઉજજવળ ભવિષ્ય માટેની રજૂઆત કરી હતી.

## [6]24th October, 2007
## Creative Dimensions in Media Graphics & Animation

ચિંતન સપ્તાહના ભાગરૂપ અંતિમસેમિનાર ઉપરોકત વિષય પર તા.24/10/2007 ના રોજ આયોજન કરવામાં આવેલ હતુ. ઈમેજ ઈન્સ્ટીટયૂટ ઓફ ડીઝીટલ ટેકનોલોજીના મેનેજીંગ ડાયરેકટર શ્રી રોનક રાવલ આ સેમિનારના મુખ્ય અતિથિ સ્થાને તથા એકસપ્લોરા ડીઝાઈનના રોમિતા સ્વરૂપ મેડમઅતિથિ વિશેષ સ્થાને રહયા હતા. ડૉ. આર. ડી. મૂખિયા અભ્યાસ શાખાના નિર્દેશકશ્રી તથા યુનિવર્સિટીના બોર્ડ મેમ્બર શ્રીમતી શ્રધ્ધાબેન રાય મંચ પર માર્ગદર્શન પૂરુ પાડવા ઉપસ્થિત હતા. ડૉ. આર.ડી. મૂખિયા સાહેબે અતિથિગણ તથા શ્રોતાગણની સ્વાગત વિધિ બાદ જણાવ્યુ હતુ કે નિપુણ અને કૌશલ્યસભર માણસોની આ ક્ષેત્રમાં ખૂબ

અછત વર્તાય રહી છે. ઈન્સ્ટીટયૂટ ઓફ હોટલ મેનેજમેન્ટના સંચાલક શ્રી ઘોષ સાહેબે પણ આ સેમિનારના વિષય પર ટૂંકમાં પોતાના વિચારો રજૂ કર્યા હતાં.

ત્યારબાદ સેમિનારને આગળ ધપાવતા શ્રી રોનક રાવલ દ્વારા આ ક્ષેત્રની દિશામાં માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમણે ખૂબ જ સરસ રીતે ગ્રાફીકસ અને એનિમેશન બંને શબ્દ વચ્ચેનો તફાવત જણાવી તેનો સાચો અર્થ પણ સમજાવ્યો. તેમણે શ્રોતાઓને ઉત્તેજીત કરવા માટે તેમને મનમાં ઉદ્‌ભવતા પ્રશ્નો પૂછવાનો મોકો આપ્યો અને શ્રોતાઓ દ્વારા ઘણા સવાલો પૂછવામાં આવ્યા જેનો શ્રી રોનક રાવલે સંતોષકારક જવાબ આપ્યા. શ્રોતાઓના મોટાભાગના સવાલો સિનેમા અને જાહેરાતોમાં વપરાતી ખાસ અસરો ઉપરના હતા. ત્યારબાદના વકતવ્યમાં રોમિતા સ્વરૂપે ગ્રાફીક ડીઝાઈન અને એનિમેશન પર સંપૂર્ણ માહિતી આપી તે કયા કયા ક્ષેત્રમાં ઉપયોગમાં આવે છે તે વિશે જણાવ્યુ. રોમિતા સ્વરૂપે અભ્યાસક્રમમાં આવતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમને પ્રાધ્યાન્ય આપી તેના વિશેની



શ્રી રોનક રાવલ(ઈમેજ ઈન્સ્ટીટયૂટ ઓફ ડીઝીટલ ટેકનોલોજીના મેનેજીંગ ડાયરેકટર),રોમિતા સ્વરૂપ (એકસપ્લોરા ડીઝાઈન),શ્રીમતી શ્રધ્ધાબેન રાજ, (યુનિવર્સિટીના બોર્ડ મેમ્બર),ડૉ. આર.ડી. મૂળિયા,શ્રી ઘોષ સાહેબ

સમજ રજૂ કરી તેમજ તેમણે આ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ સમક્ષ કઈ કઈ તકો રહેલી છે તે જણાવ્યુ હતું. ડોરથી ક્રીસ્ટી મેડમે તેમની રજૂઆતમાં જણાવ્યું કે આ ક્ષેત્રમાં ઊંચી તાલીમઅને કૌશલ્યયુકત તાલીમાર્થીઓની જરૂર છે. તેમણે અભ્યાસના ડીપ્લોમા અભ્યાસક્રમઅંગેની રજૂઆત કરી, અભ્યાસક્રમને તેમણે ઊંડાણ પૂર્વક સમજાવ્યો હતો. શ્રી સંજય શાહ માયા એકેડેમીથી ઉપસ્થિત હતા. તેમણે અલગ-અલગ સોફટવેરના ઉપયોગથી કેવી રીતે આ ક્ષેત્રમાં આકર્ષક કામથઈ શકે તે જણાવ્યુ હતુ. અંતમાં ટ્રાયટન કોમ્યુનીકેશનના ડાયરેકટર શ્રી સંજય ચક્રવતીએ ગ્રાફીકસ અને એનિમેશન ક્ષેત્રની જાહેરાતોની વિડિયો સ્લાઈડસ રજૂ કરી અને ખૂબ જ માહિતીસભર આ ક્ષેત્રની રજૂઆત કરી. ખૂબ જ મુશ્કેલ જણાતા આ ક્ષેત્રને તેમણે તેમની રજૂઆતથી તેનો સરળ માર્ગ દર્શાવી આપ્યો.

સમાપન વિધિ સમયે માનનીય કુલપતિશ્રી અવધેશકુમાર સિંહે જણાવ્યું કે શિક્ષકો કે જેઓ આ વિદ્યાર્થીઓને તાલીમઆપી આ ક્ષેત્રમાં તાલીમાર્થીઓને મોકલી રહયા છે. તેમણે પણ આ અભ્યાસક્રમપર ધ્યાન આપવુ જોઈએ. આ ક્ષેત્રમાં કેટલી સદીઓથી આટલુ જ આકર્ષક રહયુ છે કે જયારે કોમ્પ્યુટર પણ ન હતા તેની રજૂઆત પણ તેમણે કરી હતી. તેમના અંતિમતબકકના સમાપન વિધિ સમયે તેમણે જણાવ્યું કે આ પ્રકારના ઉપયોગી સેમિનારનું આયોજન યુનિવર્સિટી તરફથી ભવિષ્યમા પણ થતુ રહેશે.



સેમિનારમાં રસપૂર્વક ભાગ લઈ રહેલ ડેલીગેટ અને પ્રતિભાગીઓ

## પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓનો અભિમુખતા કાર્યક્રમ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા.23/10/2007 ના રોજ ગૂજરાત વિદ્યાપીઠના પરિસરમાં "હિરક મહોત્સવ હોલ" ખાતે યુનિવર્સિટીના ગુજરાતભરના તમામઅભ્યાસકેન્દ્રો/પ્રોગ્રામકેન્દ્રોના સંયોજક/પ્રો. ઈન્ચાર્જશ્રીઓનો એક દિવસીય અભિમુખતા કાર્યક્રમયોજાઈ ગયો. જેમા કેન્દ્રોના 220 સંયોજકશ્રીઓ/પ્રોગ્રામઈન્ચાર્જશ્રીઓ હાજર રહયા હતા.

અભિમુખતા કાર્યક્રમને ત્રણ સત્રમાં વહેંચવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રથમસત્ર ઉદ્‌ઘાટનથી થઈ હતી. કાર્યક્રમની શરૂઆત ડૉ.સુમન ત્રીપાઠીની સરસ્વતી વંદનાથી થઈ હતી. ત્યારબાદ ઉદ્‌ઘાટન સત્રના મુખ્ય મહેમાન ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. સુદર્શન આયંગરે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. અવધેશકુમાર સિંહે, યુનિવર્સિટીના BOM ના સભ્યશ્રી ડૉ. મંદાબેન પરીખે દિપપ્રાગટય કર્યુ હતુ. કાર્યક્રમની શરૂઆતમાં યુનિવર્સિટીના નિયામકશ્રી પ્રો. આર.ડી. મૂળિયાએ મંચસ્થ મહેમાનોનો સૌને પરિચય કરાવી મહેમાનો અને ઉપસ્થિત સૌનું શબ્દોથી સ્વાગત કર્યુ હતુ. તેમજ એક દિવસીય અભિમુખતા કાર્યક્રમપાછળનો ઉદ્દેશ તથા દૂરવર્તી શિક્ષણમાં તેની અગત્યતા અને તેમાં કેન્દ્રની ભૂમિકા અંગે માહિતી આપી હતી.



માન.ડૉ. સુદર્શન આયંગર કુલનાયક,ગૂજરાત વિદ્યાપીઠ, પ્રો.એ.કે.સિંહ, મા.કુલપતિશ્રી ,ડૉ.બા.આ.ઓ..યુ, ડૉ.આર.ડી.મૂળિયા મા.નિયામકશ્રી ,શ્રી કે.આર.પીટા મા.કુલસચિવશ્રી ડૉ.બા.આ.ઓ..યુ,

ત્યારબાદ મુખ્ય મહેમાન ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. સુદર્શન આયંગરનું યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. અવધેશકુમાર સિંહે સુતરની આંટી અને "સત્યના પ્રયોગો" પુસ્તક આપીને સન્માન સ્વાગત કર્યુ હતુ. જયારે નિયામકશ્રી ડૉ. આર.ડી. મૂખિયાએ મા. કુલપતિશ્રી પ્રો. અવધેશકુમાર સિંહનું સુતરની આંટી અને "સત્યના પ્રયોગો"પુસ્તક આપીને સન્માન સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મુખ્ય મહેમાન તરીકે પધારેલ ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી ડૉ. સુદર્શન આયંગરે તેમના પ્રાસંગિક ઉદ્બોધનમાં દૂરવર્તી શિક્ષણમાં જમાનાની માંગ અને સમયની જરૂરિયાતને ધ્યાને રાખી ઓપન યુનિવર્સિટીને વિવિધ અભ્યાસક્રમો શરૂ કરવા તેમજ ગુણવત્તાયુકત અને જીવન મુલ્યાવર્ધિત શિક્ષણ પર ભાર મૂકવાનું જણાવ્યું હતું. દૂરના છેવાડાના લોકો સુધી દૂરવર્તી શિક્ષણ પહોંચે તેવી વ્યવસ્થા ગોઠવવા જણાવ્યુ હતુ.

ત્યારબાદ મા. કુલપતિશ્રી પ્રો. અવધેશકુમાર સિંહે અધ્યક્ષીય પ્રવચનમાં યુનિવર્સિટીના અભ્યાસક્રમો, તેના કેન્દ્રો અને તેની કામગીરી અંગેની વિગત આપી હતી તથા યુનિવર્સિટીમાં નવા શરૂ થયેલ પ્રોફેશનલ, વોકેશનલ કોર્સ અને યુનિવર્સિટીના નવા આયામો જેવા કે મોબાઈલ સ્ટડી સેન્ટર, On Line પ્રવેશ, નોલેજ પોર્ટલ, ઈંગ્લિશ લેંગ્વેજ લેબોરેટરી, ટોલ ફ્રી નંબર, ડૉ. આંબેડકર વ્યાખ્યાનમાળા અંગેની વિગતો આપી હતી તેમજ "વિદ્યાર્થી સહાય સેવા" માટે સ્વતંત્ર વિભાગ યુનિવર્સિટી ખાતે શરૂ કરવામાં આવ્યો છે તેની માહિતી આપતા કહ્યુ હતુ કે જે વિભાગ બધા જ કેન્દ્રને/વિદ્યાર્થીને માહિતી આપશે અને તેમના પ્રશ્નોનું સીધું નિવારણ કરશે. આમ યુનિવર્સિટીની સઘળી બાબતોથી અભિમુખ કર્યા હતા.તેમને શિક્ષણના પ્રસાર માટે પરંપરાગત તથા ઓપન યુનિવર્સિટી સિસ્ટમવચ્ચે સહયોગની વાત કરી હતી.

ઉદ્ઘાટન સત્રના સમાપનમાં યુનિવર્સિટીના કુલસચિવશ્રી કે.એ.પોટાએ આભારવિધિ કરી હતી.

કાર્યક્રમના બીજા સત્રમાં પ્રા. દશરથ જાદવ (ઈ.ચા. મદદનીશ કુલસચિવ)એ "વિદ્યાર્થી સહાય સેવા" અંગેનું પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતુ. જેમાં "વિદ્યાર્થી સહાય સેવા"માં યુનિવર્સિટીના વિભાગો અને તેની કામગીરી, પ્રાદેશિક કેન્દ્રો અને તેની કામગીરી, અભ્યાસ-પ્રોગ્રામકેન્દ્રોની કામગીરી વિવિધ તબકકે કઈ કઈ છે અને કેવી રીતે સમયમર્યાદામાં કરવાની છે તેની ચર્ચા કરી માહિતી આપી હતી તેમજ યુનિવર્સિટી ખાતે નવો શરૂ થયેલો વિભાગ "વિદ્યાર્થી સહાય સેવા" અંગેનો ખ્યાલ તથા તેને કરવાની થતી કામગીરી અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.

ત્યારબાદ MKCL ના પ્રતિનિધિ શ્રી રામે On Line પ્રવેશ અંગેનું પ્રેઝન્ટેશન કરી સૌને On Line પ્રવેશ કરવા અંગેની માહિતી આપી હતી તથા તેમાં થયેલ પ્રશ્નો અને તેના નિવારણ અંગે સંયોજકશ્રીઓએ વિસ્તૃત ચર્ચા કરી હતી.

ત્રીજા સત્રમાં મા. નિયામકશ્રી પ્રો. આર.ડી. મૂખિયાએ યુનિવર્સિટીના તમામ વિભાગોની કામગીરીમાં અભ્યાસકેન્દ્રો કયા કયા તબકકે સીધા સંકળાયેલ છે તથા અભ્યાસ કેન્દ્રોએ કેન્દ્ર પર વિદ્યાર્થી સહાય સેવામાં કયાં કાળજી રાખવાની છે તેની માહિતી આપી હતી. તેમજ યુનિવર્સિટીના અભ્યાસક્રમોનો તમામ કેન્દ્રો પર પ્રચાર-પ્રસાર થાય તે માટે ભાર મૂકયો હતો કાર્યક્રમના અંતે યુનિવર્સિટીના તમામ વિભાગનો ઈન્ચાર્જશ્રીઓનો સૌ પ્રોગ્રામઈન્ચાર્જ/સંયોજકશ્રીઓને પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમને અંતે પ્રા. દિલીપભાઈ કાતરીયાએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંકલન-સંચાલન પ્રા. દશરથ જાદવે કર્યુ હતું.

## યુનિવર્સિટીના ટેલિફોન નંબર (વિદ્યાર્થી સહાય માટે)

યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને કેન્દ્રોના સંયોજકોનો યુનિવર્સિટીના તમામવિભાગોનો સંપર્ક કરવામાં અનુકૂળતા રહે અને ત્વરિત વિદ્યાર્થી સહાય સેવા મળે તેને ધ્યાને લઈને યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના વડાઓને મોબાઈલ આપવામાં આવેલ છે. જે દ્વારા વિદ્યાર્થીઓ તથા સંયોજકશ્રીઓ જે તે વિભાગ સાથે સીધો સંપર્ક કરી શકશે, માહિતી મેળવી શકશે અને સમસ્યાનો નિકાલ કરી શકશે.

| ક્રમ | નામ | વિભાગ | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| 1 | શ્રી આર.ડી.મુખિયા | ઈ.ચા.નિયામકશ્રી | 9825084285 |
| 2 | શ્રી.કે.એ.પોટા | કુલસચિવશ્રી | 27413756 |
| 3 | શ્રીસાકાભાઈ પટેલ | મ.કુલસચિવ(પરીક્ષા) | 9376111450 |
| 4 | શ્રી.દશરથ જાદવ | પ્રવેશ/મદદનીશ કુલસચિવ (ઈ.ચા.) | 9376111460 |
| 5 | શ્રી.દિલીપ કાતરીયા | અ.કે.સ. | 9913769685 |
| 6 | શ્રી.ધવલ પંડયા | હોટલ મેનેજમેન્ટ | 9427232131 |
| 7 | શ્રી.ધર્મેન્દ્રભાઈ | બી.એડ્. | 9909823332 |
| 8 | કું.હેતલ પંડયા | વિદ્યાર્થી સહાય સેવા | 9909823337 |
| 9 | ડૉ.કુસુમબેન શર્મા | સ્વાધ્યાયકાર્ય સંચાલન | 9228355546 |
| 10 | શ્રી.મિહીર મોરી | નેક, નોલેજ પોર્ટલ | 9228355548 |
| 11 | શ્રી.રાજુભાઈ વન | એમ.એસ. ડબલ્યુ. | 9228355549 |
| 12 | કું,મીનાક્ષી ચૌહાણ | એસ.ટી./એસ.સી.સેલ | 9909823336 |
| 13 | શ્રી.ભાવીન ત્રિવેદી | પરીક્ષા | 9228355543 |
| 14 | શ્રી.સંકેત પટેલ | કોમ્પ્યુટર | 9913769684 |
| 15 | શ્રી.આર. પી. દરજી | એ.એફ.ઓ. | 9913769683 |
| 16 | શ્રી.એલ. એન. નાઈ | ગોડાઉન ઈ.ચા. | 9909822609 |
| 17 | શ્રી.પી.એન.આર. ઐયર | પી.એસ. ટુ વી.સી. | 9227734449 |
| 18 | શ્રી.એસ.સી. શાહ | હિસાબી અધિકારી | 9228355557 |
| 19 | | કચેરી અધિક્ષક | 9228355560 |
| 20 | શ્રી.દિપેશ જાની | એસ્ટેટ | 9228355570 |
| 21 | શ્રી રામ | MKCL | 9228355562 |
| 22 | કું.ધાર્મિણી મહેતા | મટીરીયલ | 9913859649 |
| 23 | શ્રી.હરદીપસિંહ | પ્રવેશ | 9913175435 |
| 24 | શ્રીમતી રૂપલ પવાર | પરીક્ષા | 22860587 |
| 25 | કું.સુરભી ભપલ | ઈગ્લીશ લેંગ્વેજ લેબ | 9913769682 |

આ ઉપરાંત 27413750/51 (પી.એસ.ટુ વીસી), 27413756 (કુલસચિવશ્રી), 27413747, MKCL (પૂછપરછ)નો પણ સંપર્ક સાધી શકાશે.

નોંધ : ઉપરોક્ત વિભાગની કામગીરી માટે સૌને કાર્યલય સમય દરમિયાન ફોન કરવા જણાવવામાં આવે છે.

ટેલિફોન નં.079-65252530, 27413747
ફેક્ષ: 079-27413751 , ટોલ ફ્રી : 1800-233-1020
વેબસાઈટ : www.baou.org , sss baou@yahoo.com
ઈ-મેઈલ: feedback@baou.org

## સ્વાધ્યાય વિભાગ...

વિદ્યાર્થીઓ માટે દૂરવર્તી શિક્ષણ એટલે સ્વ-અધ્યયન, સતત અધ્યયન/સતત સ્વ-અધ્યયન માટે વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવે છે. સતત મૂલ્યાંકનનાં ભાગરૂપે વિદ્યાર્થીઓને સ્વાધ્યાયકાર્યો લખી સેન્ટર પર જમા કરાવવાનાં હોય છે. આ સ્વાધ્યાયકાર્ય તપાસ્યા પછી સૂચનાઓ સાથે વિદ્યાર્થીઓએ પોતાના સેન્ટર પરથી પરત મેળવવાનાં હોય છે. આ સૂચન વિદ્યાર્થીઓને વિષય અને ભાષાની દૃષ્ટિએ પોતાના અધ્યાપનમાં આગળ વધવા પ્રોત્સાહિત કરે છે. પરત મળેલ સ્વાધ્યાય મટીરીયલ્સ વિદ્યાર્થીને પરીક્ષાની તૈયારી માટે ખૂબ જ ઉપયોગી હોય છે કારણ કે દરેક પાઠ્યક્રમદીઠ લખવાના થતાં સ્વાધ્યાયકાર્ય યુનિ.અનુભવી તજ્જ્ઞો પાસે તૈયાર કરાવે છે. તેના ગુણ વિદ્યાર્થીના પરિણામમાં સતત મૂલ્યાંકનનાં ભારાંક 30% અને 40% હોય છે. આથી સ્પષ્ટ થાય છે કે અભ્યાસક્રમસફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે સ્વાધ્યાય કાર્ય ખૂબ જ જરૂરી છે.

યુનિવર્સિટીના ફેબ્રુઆરી-2007 અને ઓગસ્ટ-2007 નાં વિદ્યાર્થીઓને પોતાના સેન્ટર પરથી સ્વાધ્યાયકાર્ય મેળવી નીચે મુજબની તારીખ પર પોતાના સેન્ટર પર જમાં કરાવવાનાં રહેશે.

તા. 20/11/07 - સ્વાધ્યાયકાર્ય - 01
તા. 15/12/07 - સ્વાધ્યાયકાર્ય - 02
તા. 05/01/08 - સ્વાધ્યાયકાર્ય - 03

સ્વાધ્યાય માટે ઉપરોકત તારીખો સતત અધ્યયનની પ્રક્રિયાને ધ્યાનમાં લઈ આપવામાં આવેલ છે. B.A. સંસ્કૃત (EST) હેલ્થનાં અભ્યાસક્રમDMCH, DVHW અને માસ્ટર ડિગ્રી MVPM, MVREના સ્વાધ્યાયકાર્ય વિદ્યાર્થીઓને પોતાના સરનામા (ઘર પર) પર મોકલવામાં આવેલ છે. M.A. ગુજરાતી પાર્ટ-02 નાં સ્વાધ્યાયકાર્ય ટૂંક સમયમાં સેન્ટર પરથી વિદ્યાર્થીને મળશે

## અભ્યાસ કેન્દ્ર સંચાલન વિભાગ...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હાલ ગુજરાતના તમામજીલ્લાઓને આવરી લઈને 297 અભ્યાસકેન્દ્રો/પ્રોગ્રામકેન્દ્રો દ્વારા સમગ્ર ગુજરાતમાં તમામદૂરવર્તી શિક્ષણ પૂરું પાડી રહી છે. દરેક સંસ્થાની ભૌતિક અને શૈક્ષણિક સુવિધા અનુસાર જે તે કેન્દ્ર પર અભ્યાસક્રમચલાવવાની મંજૂરી આપવામાં આવેલ છે.

નવા અભ્યાસકેન્દ્રોની અરજી માટે પ્રક્રિયા ચાલુ કરેલ છે. જેનું ફોર્મ યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલય આર.સી. ટેકનીકલ કેમ્પસ પરથી તા.15/11/07 સુધી મળશે તેની તમામકેન્દ્રોએ નોંધ લેવા વિનંતી. વધુ માહિતી માટે વિભાગના ઈન્ચાર્જશ્રી પ્રા.દિલીપભાઈ કાતરીયાનો સંપર્ક કરવો.

## પરામર્શન વિભાગ...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દૂરવર્તી શિક્ષણના વિદ્યાર્થીઓની પરામર્શનની જરૂરિયાત પૂરી પાડવા માટે દર વર્ષે જૂના તેમજ નવા અભ્યાસ/પ્રોગ્રામકેન્દ્ર પર પરામર્શકોની નિમણૂંક આપે છે. ફેબ્રુ-2007 સત્રમાં '49' સેન્ટરની આવેલી અરજીઓના અનુસંધાને 132 પરામર્શકની નિમણૂંક યુનિવર્સિટી ખાતે થયેલ છે.

પરામર્શકની નવીનીકરણની પ્રેનલમાં હાલમાં દહેગામ, લીમખેડા, ભરૂચ, કડી અને આટકોટ સેન્ટરથી અરજીઓ આવેલ છે તેના અનુસંધાને 27 પરામર્શકોની નવીનીકરણની શૃંખલામાં સમાવેશ થયેલ છે.

જે અભ્યાસ/પ્રોગ્રામકેન્દ્ર પરના પરામર્શકોની માગણી મેળવવાના હોય તો ત્વરિત યુનિવર્સિટી મોકલી આપવા.

યુનિવર્સિટી દ્વારા માન્યતા મળેલ નામાંકિત પરામર્શકોને કેન્દ્ર અને યુનિવર્સિટી માટે નીચે મુજબની કામગીરી કરવાની હોય છે.

- પરામર્શન સત્રમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક માર્ગદર્શન અને સહાય પૂરી પાડવી.
- વિદ્યાર્થીઓને અભ્યાસક્રમને લગતી જરૂરી માહિતી પૂરી પાડવી.
- વિદ્યાર્થીઓના સ્વાધ્યાય કાર્ય તપાસવા તેના મૂલ્યાંકન કરી ટિપ્પણી/સૂચના સાથે સંયોજકશ્રીને પરત કરવા.
- યુનિવર્સિટી દ્વારા જયારે ઓરીએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવે ત્યારે તેમાં ભાગ લેવો.
- સમયાંતરે પરામર્શન કામગીરી અંગેનો અહેવાલ સેન્ટરને યુનિવર્સિટીને મોકલી આપવાનો રહેશે.

## SC/ST Cell

શિષ્યવૃત્તિ અંગે:-

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ચાલતા અભ્યાસક્રમોમાં પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ મળવાપાત્ર થાય છે.

- ઓગસ્ટ-2007 ના SC/ST વિદ્યાર્થીઓની યાદી પ્રમાણે શિષ્યવૃત્તિના ફોર્મ ડફનાળા ગોડાઉન નં-35 ખાતેથી સેન્ટર પ્રમાણે મોકલી આપવાની કાર્યવાહી ચાલુ છે.
- સ્પે.બી.એડ્.ના SC/ST વિદ્યાર્થીઓ પાસે ભરાવીને પોતાના સેન્ટર ઉપર પરત લેવાના રહેશે.
- MSW ના SC/ST વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિના ફોર્મ અંગે યુનિવર્સિટી હેડકવાર્ટસનો સંપર્ક કરવો.
- ફેબ્રુ-06 & ઓગસ્ટ-06 ના શિષ્યવૃત્તિના ફોર્મ ચકાસણીની કાર્યવાહી ચાલુ છે. ટૂંક સમયમાં જિ. પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરીએથી નિરીક્ષકોની ટીમશિષ્યવૃત્તિ મંજૂરીની કાર્યવાહી અર્થે આવનાર છે.

અગાઉ જિ. પછાતવર્ગ કલ્યાણ અધિકારીની કચેરીએથી ઓગસ્ટ-05 ના શિષ્યવૃત્તિના ફોર્મની ચકાસણી અર્થે નિરીક્ષકોની ટીમઆવી ગયેલ છે.

નોંધ:- **SC/ST** વિદ્યાર્થીઓ માટે

શિષ્યવૃત્તિના ફોર્મ કેન્દ્ર ઉપરથી મેળવી ચેકલીસ્ટ પ્રમાણે ભરી કેન્દ્ર ઉપર જમા કરાવવાના રહેશે.

કેન્દ્ર સંયોજકો માટે

જે તે કેન્દ્રોએ વિદ્યાર્થીઓને ચેકલીસ્ટ સાથે શિષ્યવૃત્તિ ફોર્મ આપવાના રહેશે તથા ભરેલા ફોર્મ કેન્દ્રોએ જમા લેવાના રહેશે ત્યારબાદ SC/ST વિદ્યાર્થીઓની અલગ અલગ યાદી બનાવી યુનિવર્સિટી મુખ્ય મથક ખાતે જમા કરાવવાના રહેશે.

# પ્રવેશ વિભાગ...

ઓગસ્ટ-2007 ની યુનિવર્સિટીના તમામઅભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ છે. જેની બીજી યાદી પણ તમામકેન્દ્રોને મોકલી આપેલ છે. ઓગસ્ટ-2007 ના શૈક્ષણિક સત્રમાં કુલ 44700 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. જે તમામવિદ્યાર્થીન તેના ઘેર પત્રથી જાણ કરેલ છે. જે કેન્દ્રો પર વિદ્યાર્થીની સંખ્યા ઓછી હતી અથવા નહોતી તો કેન્દ્રોને આ સત્ર માટે સુષુપ્ત રાખવામાં આવેલ છે.

- DPCA અભ્યાસક્રમની મેરીટના આધારે પ્રવેશ આપવાની પ્રક્રિયા પૂર્ણ થયેલ છે જે માત્ર સ્ટર્લિંગ હોસ્પિટલ ખાતે ચાલે છે.

- પ્રવેશ મેળવવા માટે લાંબો સમય પ્રવેશાર્થીનો મળી રહે અને યુનિવર્સિટી પ્રવેશ પ્રક્રિયા સમયસર કરી શકે તે હેતુથી Feb-2008 ના શૈક્ષણિક સત્રનો પ્રવેશ 01/11/07 થી શરૂ કરેલ છે. જેમાં યુનિવર્સિટીના તમામકેન્દ્રો પર તા.01/11/2007 થી 30/11/2007 સુધી માત્ર On line અને 05/12/2007 મેન્યુઅલી અને On Line પ્રવેશ થશે.

Feb-2008 પ્રવેશ પ્રક્રિયામાં દરેક અભ્યાસકેન્દ્રના સંયોજક/પ્રોગ્રામઈન્ચાર્જશ્રીઓ પોતાની સંસ્થા/કોલેજમાં પ્રવેશ અંગેની જાહેરાત કરી પ્રિએડમીશન કાઉન્સિલીંગ ગોઠવે જેથી પ્રવેશ તથા યુનિવર્સિટીના અભ્યાસક્રમો અને શિક્ષણ પદ્ધતિનો સૌને ખ્યાલ આપે. પ્રવેશ ઈચ્છુક પ્રવેશાર્થીઓ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી શકે.

દરેક સંયોજકશ્રીઓને તથા પ્રોગ્રામઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે આપના કેન્દ્ર પર ફક્ત On Line ફોર્મ જ સ્વીકારવાના છે અને તે પણ દર પંદર દિવસે જેટલા જમા થયા હોય તો યુનિવર્સિટી ખાતે પોસ્ટ દ્વારા મોકલી આપવાના થશે. રૂબરૂ આવવાની આવશ્યકતા નથી [illegible] પ્રવેશાર્થીઓના પ્રવેશ ફોર્મ તમે યુનિવર્સિટી ખાતે જમા કરાવેલ છે તેનો આધાર રાખશો. તેમજ મેન્યુઅલી પ્રવેશ ફોર્મ કેન્દ્રએ સ્વીકારવાના નથી. જે પ્રવેશાર્થીના પ્રવેશ ફોર્મ યુનિવર્સિટી ખાતે સમય મર્યાદામાં નહીં મળે એ વિદ્યાર્થીનો પ્રવેશ નહીં થાય તો તેની સંપૂર્ણ જવાબદારી કેન્દ્રની રહેશે. Feb-2008 ના મેન્યુઅલી પ્રવેશ ફોર્મ દરેક કેન્દ્રને 05/12/2007 પહેલા મોકલી આપવામાં આવશે.

દરેક કેન્દ્રને એક અનુરોધ છે કે જ્યારે On Line પ્રવેશ કરવાની પ્રક્રિયા કેન્દ્ર ખાતે કરો છો ત્યારે અભ્યાસક્રમકોડ તથા અન્ય વિગતો વિદ્યાર્થીએ માંગ્યા મુજબની ભરશો જેથી યુનિવર્સિટી અને કેન્દ્રને એ ભૂલનો સામનો ન કરવો પડે. તેમજ મેન્યુઅલી પ્રવેશ ફોર્મ વિદ્યાર્થીને આપો ત્યારે તેને જરૂરી ફી વગેરેનું માર્ગદર્શન આપશો જેથી તે ભૂલ ન કરે અને જે તે વિદ્યાર્થીનો સમય મર્યાદામાં પ્રવેશ થાય.

---

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

આર.સી.ટેકનિકલ ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ,ગુજરાત હાઈકોર્ટની સામે
સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-380 003
E-mail : feedback@baou.org Website : www.baou.org

## પ્રવેશ જાહેરાત

- બેચરલ પ્રિપેરેટરી પ્રોગ્રામ(સ્નાતક પદવી માટેનો પ્રારંભિક અભ્યાસક્રમ) (BPP)
- સર્ટિફિકેટ ઈન ફૂડ ઍન્ડ ન્યૂટ્રીશન (CFN)
- સર્ટિફિકેટ ઈન કમ્પ્યુટિંગ (CIC)
- સર્ટિફિકેટ ઈન ટૂરિઝમમાર્કેટિંગ (CTM)
- સર્ટિફિકેટ ઈન ટૂરિઝમમૅનેજમેન્ટ (CMT)
- સર્ટિફિકેટ ઈન ચાઈલ્ડ કેર ઍન્ડ ડેવલપમેન્ટ(CCCD)
- સર્ટિફિકેટ ઈન પર્સનલ કમ્પ્યુટર સૉફ્ટ્વેર (CPCS)
- સર્ટિફિકેટ ઈન ટીચિંગ ઑફ ઈંગ્લિશ(CTE)
- સર્ટિફિકેટ ઈન એનવાયરમેન્ટ સ્ટડીઝ (CES)
- સર્ટિફિકેટ ઈન પાર્ટીસીપેટરી ફોરેસ્ટ મૅનેજમેન્ટ (CPFM)
- સર્ટિફિકેટ ઈન કોમ્યુનિકેશન સ્કીલ્સ ઈન ઈંગ્લિશ : લેવલ-I (CCSE)
- સર્ટિફિકેટ ઈન કમ્પ્યુટર કન્સેપ્ટ-બીએઓયુ (CCC-BAOU)
- સર્ટિફિકેટ ઈન મેટરનીટી નર્સિંગ આસીસ્ટન્ટ (સુવાવડ સહાયક) (CTBA)
- સર્ટિફિકેટ ઈન પેરન્ટહુડ (CCBP)
- સર્ટિફિકેટ ઈન યોગવિજ્ઞાન (CYS)
- સર્ટિફિકેટ ઈન નેચરોપેથી (CIN)
- સર્ટિફિકેટ ઈન હ્યુમન રાઈટસ (CHR)
- સર્ટિફિકેટ ઈન એન્વાયરમેન્ટ અવેરનેશ (CEA)
- સર્ટિફિકેટ ઈન ડૉ. બાબાસાહેબ આંબેડકર લાઈફ એન્ડ થોટસ (CALT)
- સર્ટિફિકેટ ઈન કમ્પ્યુટર કન્સેપ્ટ-પ્લસ (CCC+)

નોંધ:- ● બીપીપી અભ્યાસક્રમપાસ કર્યાથી આ યુનિવર્સિટીમાં પ્રથમવર્ષ બી.એ./બી.કૉમ. માં પ્રવેશ મેળવી શકાશે. ● પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ જે તે અભ્યાસક્રમની ફીનો ડિમાન્ડ ડ્રાફટ "ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ" ની તરફેણનો અને શકય હોય ત્યાં સુધી નેશનલાઈઝડ બેંકનો મોકલવાનો રહેશે. ● અનુસૂચિત જાતિ-જનજાતિના વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોએ જે તે અભ્યાસક્રમની પૂરેપૂરી ફી ભરવાની રહેશે તથા માહિતી-માર્ગદર્શન પુસ્તિકામાં દર્શાવેલ સુચનાઓ મુજબ જે તે અભ્યાસક્રમની પ્રોગ્રામફી માફી રહેશે. ● CICતથા CCC-BAOU નો અભ્યાસક્રમ સરકારી નોકરી માટે સરકાર માન્ય કમ્પ્યુટર અભ્યાસક્રમછે.

ઓનલાઈન પ્રવેશ સુવિધા :- ● પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્રો/પ્રોગ્રામકેન્દ્રો પરથી યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.org પર ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી શકાશે. ● ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવા અંગેની સંપૂર્ણ માહિતી જે તે કેન્દ્ર પરથી પ્રાપ્ત કરી શકાશે. ● ઓનલાઈન પ્રવેશ ફોર્મ માટે વિદ્યાર્થીએ રૂ.70/-ની કિંમતનું પ્રોસ્પેકટસ લેવાનુ રહેશે નહીં પરંતુ તેના બદલે આ માટે જે તે કેન્દ્રને રૂ. 25/- રોકડા ચૂકવવાના રહેશે.

સુચનાઓ: ● "માહિતી-માર્ગદર્શન પુસ્તિકા અને પ્રવેશ પત્રક"ની કિંમત રૂ.70/- છે. ● તા.05-12-2007 થી માહિતી-માર્ગદર્શન પુસ્તિકા અને પ્રવેશ પત્રક યુનિવર્સિટી કાર્યાલયે તથા નીચે દર્શાવેલ તમામકેન્દ્રો પરથી મળી શકશે. ● પ્રવેશ અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ તા. 31-12-2007 છે. ● પ્રવેશપત્રકની ઝેરોક્ષ નકલ તથા જૂના ફોર્મ અમાન્ય ગણાશે. ● માહિતી માર્ગદર્શન પુસ્તિકામાં જણાવ્યા મુજબ જે કેન્દ્ર ઉપર જે અભ્યાસક્રમચાલતો હશે તે જ કેન્દ્ર પસંદ કરવાનું રહેશે. ● ભરેલા અરજીપત્રક સાથે ડિમાન્ડ ડ્રાફટ "ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ"ના નામનો વિદ્યાર્થીએ પસંદ કરેલ કેન્દ્ર પર ચકાસાવી પ્રવેશ ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયે સીધું મોકલવાનું રહેશે.

વધુ માહિતી: ● યુનિવર્સિટી કાર્યાલય ફોન નં. 1800 233 1020, 079-65252530, 27413747 યુનિવર્સિટી વેબસાઈટ www.baou.org તથા રીજીનલ સેન્ટર રાજકોટ (0281)-2578877 તથા પાટણ-(02766)-225155 પર સંપર્ક કરવો.

## સ્કૂલ ઑફ એજ્યુકેશન...

બી.એડ્. પ્રવેશ પ્રક્રિયાના સમયપત્રક મુજબ પ્રવેશ પરીક્ષામાં 150 ગુણમાંથી આવેલા ગુણને મેરીટક્રમમાં જાહેર કરવામાં આવ્યા. B.Ed. અભ્યાસક્રમમાટે 1200 થી વધુ ઉમેદવારોની મેરીટયાદી તૈયાર કરવામાં આવી. ઉચ્ચ/ઉંચા મેરીટ ગુણવાળા ઉમેદવારોને તા. 6 અને તા. 7, October, 2007 ના રોજ ઓપન અને કેટેગરી પ્રમાણે જાહેરાત આપવામાં આવી. તા. 6 અને 7 October શનિવાર/રવિવારે અને સોમવારે કેટેગરી સાથેના તમામવિદ્યાર્થીઓને જેનું મેરીટ 129 થી 98 હતું તેવા વિદ્યાર્થીઓને UPC દ્વારા કોલ લેટર મોકલવામાં આવ્યા હતાં. આ બધા વિદ્યાર્થીઓને આર.સી.ટેક્નીકલ કેમ્પસના ઈમીનીટી હોલમાં એડમીશન માટે બોલાવવામાં આવ્યા હતા. એડમીશન માટેની પ્રક્રિયા માટે ગુજરાત યુનિવર્સિટીના તજજ્ઞ શ્રી (1) ડૉ. સતીષભાઈ શુકલ (2) ડૉ. અશ્વિનભાઈ શાહ સ્ટેન્ડીંગ કમીટીના સભ્યો શ્રી નટુભાઈ રાવલ રજીસ્ટ્રાર શ્રી એ.કે. પોટા, શ્રી માધુભાઈ પટેલ અને ડાયરેકટર શ્રી આર.ડી. મૂખિયા તેમજ બી.એડ્.ના રીડર, પ્રાધ્યાપકો, કલાર્ક, પટાવાળા અને કોમ્પ્યુટર વિભાગે સતત કાર્યરત રહી ત્રણ દિવસ દરમ્યાન ઓપનમાં 255, SCBC-34, SC-126 અને ST માં 63 કુલ 478 એડમીશન કરવામાં આવ્યા.બે સેન્ટરો મુંદ્રા (કચ્છ) અને અલિયાબાડા (જામનગર)માં કેટેગરીમાં અનુક્રમે 18 અને 04 સંખ્યા બાકી રહી છે. અગાઉના મેરીટ ક્રમપછીના મેરીટવાળા વિદ્યાર્થીઓને કોલ લેટર લખી તા.31/10/07 ના રોજ એડમીશન પ્રક્રિયા માટે બોલાવવામાં આવ્યા હતાં. ST કેટેગરીના તમામવિદ્યાર્થીઓ બોલાવેલ. આ ઉમેદવારોથી આ કેટેગરીની બેઠકો નહીં ભરાયેલ તે બેઠકોને જનરલ કેટેગરીમાં તબદીલ કરી ઓપન કેટેગરીના ઉમેદવારથી ભરવામાં આવી.

આ રીતે બી.એડ્.ની 500 બેઠકોનું એડમીશન સંપૂર્ણ મેરીટ પ્રમાણે આપવામાં આવેલ છે. દરેક (દસ) અભ્યાસકેન્દ્રમાં 50 વિદ્યાર્થીઓને એડમીશન આપવામાં આવ્યા. બી.એડ્. અભ્યાસક્રમનું પ્રથમસત્ર નવેમ્બર માસથી શરૂ થશે.

## સ્પેશિયલ બી.એડ....

- આર.સી.આઈ. માન્ય યનિવર્સિટી સંલગ્ન બી.એડ્. સ્પેશિયલ એજ્યુકેશનના કુલ 344 વિદ્યાર્થીઓનું જુદા જુદા 8 કેન્દ્રો પર શૈક્ષણિક કાર્ય ચાલુ છે.

આ વિદ્યાર્થીઓ માટે બીજા કોન્ટેકટ પ્રોગ્રામનું આયોજન કેન્દ્રો દ્વારા આગામી રજાઓમાં કરેલ છે.

આ અભ્યાસક્રમનું સાહિત્ય તૈયાર કરવાની કામગીરી પણ ચાલે છે.

## ગ્રંથાલય...

આ ગ્રંથાલય વાંચન સામગ્રીની દષ્ટિએ ઘણું જ સમૃદ્ધ છે. આ ગ્રંથાલયમાં IGNOU ના Blocks, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની અભ્યાસ સામગ્રી રેફરન્સ પુસ્તકો અને અન્ય પુસ્તકોનો સંગ્રહ છે. આ ગ્રંથાલયમાં કુલ 23,500 પુસ્તકો +703 C.D. છે. આ ગ્રંથાલયમાં લવાજમદ્વારા અને Gift એમકુલ 100 સામાયિકો આવે છે. આ વાંચન સામગ્રી કબાટો અને ખુલ્લા રેકમાં વિષય પ્રમાણે ગોઠવવામાં આવી છે.

માન. મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નીધિ અંતર્ગત આ યુનિવર્સિટી દ્વારા પુસ્તકોનો અલગથી વિભાગ બનાવવામાં આવેલ છે. આ વિભાગમાં UPSC, GPSC, AIEEE, NET, SELT, CAT, MAT, TOFEL All Entrance Exam ને લગતા પુસ્તિકોનો સમાવેશ થાય છે. UPSC/GPSC અને All Extrance Exam ની તૈયારી માટે વિદ્યાર્થી ગ્રંથાલયનો રેફરન્સ તરીકે નિયમઆધીન ઉપયોગ કરી શકે છે.

યુનિવર્સિટીના અધિકારીશ્રી, કર્મચારીશ્રી, વિદ્યાર્થી, સેન્ટરના સયોજકો, પરામર્શકો, આ યુનિવર્સિટીના લાયબ્રેરીના સભ્યો છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો વિદ્યાર્થી સમગ્ર ગુજરાતમાં ફેલાયેલ હોવાથી તે યુનિવર્સિટી લાયબ્રેરીનો ઉપયોગ રેફરન્સ લાયબ્રેરી તરીકે કરી શકે છે. વિદ્યાર્થી સહાય સેવા માટે યુનિવર્સિટી લાયબ્રેરી દ્વારા વિદ્યાર્થીઓને લાયબ્રેરી સેવા પુરી પાડવા માટે 38 SC/PC અને RC પર લાયબ્રેરી સેવા ઉપલબ્ધ કરાવેલ છે. વિદ્યાર્થી સિવાય બાકીના યુનિવર્સિટી લાયબ્રેરીના સભ્યો નિયમોને આધીન પુસ્તકો ઈસ્યુ કરાવી શકે છે.

યુનિવર્સિટી ગ્રંથાલય દ્વારા નીચે મુજબની સેવા પુરી પાડવામાં આવે છે.

| | |
|---|---|
| 1 પુસ્તક આપ-લે | - વિદ્યાર્થી સહાય સેવા |
| 2 સામાયિક આપ-લે | - SC/PC પર ગ્રંથાલય સેવા |
| 3 સંદર્ભ સેવા | - યુનિવર્સિટી દ્વારા આયોજીત સેટેલાઈટ/રેડિયો પ્રોગ્રામની C.D.વિદ્યાર્થી યુનિવર્સિટી ગ્રંથાલયમાં બેસી જોઈ શકે છે. |
| 4 અનુભવ સેવા | -UPSC/GPSC ના વિદ્યાર્થી લાયબ્રેરીનો રેફરેન્સ તરીકે ઉપયોગ |
| 5 ઝેરોક્ષ સેવા | |
| 6 નિર્દશીકરણ સેવા | - C.D. વેચાણ |
| 7 અગાઉના વર્ષના પ્રશ્ન પત્રોના સેટ ઝેરોક્ષ માટે | |

### કેન્દ્રો તરફ...

ડૉ.બાબાસાહેબ આબેડકર ઓપન યુનિવર્સિટીના તમામકેન્દ્રોને જણાવવાનું કે જો આપ આપના કેન્દ્ર પર ગ્રંથાલય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા માંગતા હોય તો એક પત્ર લખી ગ્રંથપાલશ્રીને જાણ કરશો. આપના કેન્દ્રના વિષય પ્રમાણે છેલ્લા બે વર્ષના વિદ્યાર્થીની સંખ્યા તથા આપને યુનિવર્સિટી તરફથી શું ફર્નીચર પુરુ પાડવામાં આવેલ છે તેની વિગત પણ પત્રમાં જણાવશો. જેની જાણ તા.01/12/07 સુધીમાં કરવાની રહેશે. જે સેન્ટરો ઉપર ગ્રંથાલય સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે તેમને અન્ય પુસ્તકોની યાદી મોકલી આપશો.

## મટીરીયલ વિભાગ...

યુનિવર્સિટીનો મટીરીયલ વિભાગ વિદ્યાર્થીઓને જરૂરી અભ્યાસસામગ્રી સમયસર પૂરી પાડવા અંગેની કામગીરી કરે છે. જેમાં નીચે મુજબના હેતુઓને ધ્યાનમાં રાખી કામગીરી હાથ ધરવામાં આવે છે.

(1) યુનિવર્સિટીના જુદા જુદા અભ્યાસક્રમોમાં આવરી લેવાયેલ પાઠયક્રમો અંગેના પુસ્તકોનું પ્રિન્ટીંગ અને રી-પ્રિન્ટીંગ કરાવવું.

(2) દરેક સત્ર મુજબ વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં લઈ જે તે અભ્યાસક્રમના પુસ્તકો સમયસર છપાવવા અંગેની કામગીરી કરવી.

(3) તમામઅભ્યાસક્રમોના પુસ્તકો છપાઈને આવ્યા બાદ ગોડાઉન પરથી સંબંધિત અભ્યાસકેન્દ્ર/પ્રોગ્રામકેન્દ્ર પર મોકલી આપવા અંગેની કામગીરી. જેથી વિદ્યાર્થીઓને સમયસર પુસ્તકો મોકલી શકાય.

(4) જુદા જુદા અભ્યાસક્રમોમાં અભ્યાસસામગ્રીમાં જરૂરી પુસ્તકો જરૂરિયાત મુજબ ખરીદવા તથા ગોડાઉન દ્વારા સંબંધિતોને મોકલી આપવા.

હાલ ચાલુ સત્રની વિદ્યાર્થીની સંખ્યા અને જરૂરિયાતને ધ્યાને લેતાં તમામઅભ્યાસક્રમોમાં વધારાની જરૂરિયાત મુજબના પુસ્તકો ગોડાઉન પર ઉપલબ્ધ કરાવી વિદ્યાર્થીઓને સમયસર મળી રહે તે આશયથી કેન્દ્રોને મોકલી આપવામાં આવેલ છે.

ઉપરાંત CALT અને DVATG અભ્યાસક્રમોમાં તથા B.A. સંસ્કૃતના વિદ્યાર્થીઓની અભ્યાસસામગ્રી લખાણની પ્રક્રિયા પૂર્ણ થઈને આવેલ છે. હવે વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. ટૂંક સમયમાં વિદ્યાર્થીઓને સદર અભ્યાસસામગ્રી તેઓના સંબંધિત અભ્યાસકેન્દ્ર/પ્રોગ્રામકેન્દ્ર પરથી ઉપરલબ્ધ થશે. જેની સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

## MSW વિભાગ...

MSW અભ્યાસક્રમના અનુસંધાને MSW વિભાગ દ્વારા જૂન થી ઓકટો-07 સુધીમાં વિવિધ પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવેલ.

MSW-I ની પરીક્ષાનું પરિણામજાહેર કર્યા બાદ MSW-II ના પ્રવેશ માટે વિદ્યાર્થીઓ પાસેથી ત્રીજા સત્રની ફી જમા કરાવવાની કામગીરી કરવામાં આવી.

MSW-I ના અભ્યાસક્રમના ભાગરૂપ સ્વાધ્યાય કાર્યના તેના મૂલ્યાંકનની કામગીરી હાથ ધરવામાં આવી.

MSW-II ના અભ્યાસક્રમના પાઠયક્રમોના મટીરીયલની પ્રીન્ટીંગની કામગીરી શરૂ કરવામાં આવી જે નવે-07 ના પહેલા સપ્તાહમાં મટીરીયલ સપૂર્ણ સેટથી તૈયાર કરી વિદ્યાર્થીઓને આપવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવશે.

MSW અભ્યાસક્રમઅંતર્ગત તા.02/10/07 ના રોજ PAC ની બેઠક યોજવામાં આવી. તા.17/10/07 ના રોજ MSW વિભાગ દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવેલ. સેમિનારમાં લાભાર્થી તરીકે ગુજરાત રાજયની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓએ ભાગ લીધેલ.

MSW-I ના ફીલ્ડવર્કના Viva નું આયોજન તા.31/10/07 થી 04/10/07 સુધી શાહીબાગ ખાતે કરવામાં આવ્યું જેમાં 165 વિદ્યાર્થીઓના Viva લેવામાં આવેલ.

MSW-I ના રિપિટર વિદ્યાર્થીઓની પરીક્ષા તા.17/10/07 થી 24/10/07 સુધી વિવિધ કેન્દ્રોમાં લેવામાં આવેલ.

આ અભ્યાસક્રમવૈજ્ઞાનિક અને ગુણવત્તાપૂર્ણ બનાવવા માટે યોજાયેલ પેટા સમિતિની બેઠકમાં થયેલા નિર્ણયો મુજબ નીચે જણાવ્યા મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

(i) જુદી જુદી યુનિવર્સિટીના ઓર્ડિનન્સને અભ્યાસ અર્થે મંગાવવામાં આવેલ છે.

(ii) સંશોધન અહેવાલ ગુણવત્તાયુકત બનાવવા માટે તેનું પરીરૂપ નકકી કરવાનું વિચારણા હેઠળ છે.

આ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે માહે નવેમ્બર-ડિસેમ્બર દરમ્યાન પ્રોગ્રેસ રીપોર્ટ પ્રેજન્ટેશન માટેનો વર્કશોપ યોજવાનું આયોજન કરવામાં આવેલ છે.

ભવિષ્યની કામગીરીનું આયોજન

નવે-07 ના બીજા-ત્રીજા સપ્તાહ દરમિયાન MSW-II ના વિદ્યાર્થીઓની સાથે એક દિવસીય પરામર્શક વર્ગનું આયોજન કરી. વિદ્યાર્થીઓને MSW-II નું મટીરીયલ આપવામાં આવશે.

નવે-07 ના છેલ્લા સપ્તાહથી સેટેલાઈટ દ્વારા પરામર્શક વર્ગોનું અને ઝોન વાઈઝ પરામર્શકના સઘન વર્ગનું આયોજન કરવામાં આવશે.

જાન્યુ-08 માં દરેક વિદ્યાર્થીઓને MSW-II ના સ્વાધ્યાયકાર્ય લેખનની કામગીરી સોંપવામાં આવશે.

ડિસે-07 & જાન્યુ-08 ના સમય દરમિયાન ફીલ્ડવર્ક અને કેન્દ્રીય નિવાસ તાલીમનું આયોજન કરવામાં આવશે અને સંશોધન કાર્યની કામગીરી સોંપવામાં આવશે.

માર્ચ-08 માં MSW-II ની સત્રાંત પરીક્ષાનું આયોજન કરવામાં આવશે.

આ વિભાગ અંગેની વધુ જાણકારી માટે MSW વિભાગના પ્રોજેકટ ઓફીસર રાજુભાઈ વનનો સંપર્ક કરવા

## અભ્યાસક્રમો અંગેની પ્રોગ્રામએડવાઈઝરી કમિટિની થયેલ બેઠકો...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં નીચે મુજબના અભ્યાસક્રમોની પ્રોગ્રામએડવાઈઝરી કમિટિઓની યુનિવર્સિટી મુખ્યમથકે બેઠકો મળી અને જે તે અભ્યાસક્રમો અંગે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

1. માસ્ટર ઓફ સોશ્યલ વર્ક — MSW
2. Certificate Course in Gujarati Lunguage — CIGL

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને ભાષા નિયામકની કચેરી ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમે યુનિવર્સિટીએ ગુજરાતી ભાષાનો કોર્સ તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. તેની ત્રીજી બેઠક તા.૨૨-૧૦-૦૭ના રોજથી ચાલુ થઈ ગઈ. ઉપરોકત અભ્યાસક્રમોની પ્રોગ્રામએડવાઈઝરી કમિટિમાં અભ્યાસક્રમગુણવત્તા સભર બને તથા તેનું પરામર્શન યોગ્ય નિષ્ણાત દ્વારા થાય તેમજ તેના સ્વાધ્યાયકાર્યો તૈયાર કરાવવા અને તેનું મૂલ્યાંકન કરાવવું. આ તમામબાબતો અંગે વિશદ ચર્ચા કરી જરૂરી નિર્ણયો બેઠકમાં લેવામાં આવેલ છે. તથા જે-તે અભ્યાસક્રમોની અભ્યાસસામગ્રી ઝડપી ઉપલબ્ધ થાય તે માટેની કામગીરી પણ જે તે વિષયના નિષ્ણાતોને સોંપવામાં આવી.

## વિદ્યાર્થી જોગ

ભારતમાં "સત્યાગ્રહ" ને 100 વર્ષ પૂર્ણ થયાની ખુશીમાં "Satyagraha Centenary International Conference"ના ભાગરૂપે Essay writing Competitions J.N.U. New Delhi યોજાનાર છે. વિદ્યાર્થીઓને "Youth of today and the Gandhian Way" પર સ્પર્ધા યોજાનાર છે. 3000 (ત્રણ હજાર) શબ્દોની લીમીટમાં નિબંધ બે વિભાગમાં વહેંચાયેલ છે. (A) Up to under Graduate level

(B) Post graduate level ભાગ લેનારે હિન્દી અથવા English માં નિબંધ લખવાનો રહેશે. વિદ્યાર્થી રજીસ્ટ્રાર, પ્રિન્સીપાલ, HOD ના સહી સિકકા સાથે નિબંધ મોકલવાનો રહેશે. ત્રણ લેખ નિબંધને એવોર્ડ કે પ્રાઈઝ 3000/, 2000/, 1000/- અને વીજેતાને સર્ટીફીકેટ 15th Nov ના Conference ના ઈનોગ્રેશન લેખમાં સર્ટીફીકેટ આપવામાં આવશે. વિજેતાને ન્યુ દિલ્હીના રીટર્ન સ્લીપર Class રીટર્ન રેલ્વે ટીકિટ કોન્ફરન્સ પાર્ટીસીપેટ થનારને આપવામાં આવશે. વિદ્યાર્થીને પોતાના નિબંધ Mailling Address and E-mail Id પરથી 26th Oct, 2007 સુધીમાં નીચેના સરનામે મોકલવાનો રહેશે.

To,

Convenor, Essay Compeition

Stayagraha Centenary International Conference

GSP/CSSS/SSS/, J.N.U.New Delhi-110062

## પ્રાસંગિક:

યુનિવર્સિટી સાંસ્કૃતિક કાર્યક્રમ: શરદ પૂર્ણિમા

યુનિવર્સિટીના ચિંતન સપ્તાહની પૂર્ણાહુતીના અવસરે યુનિવર્સિટીના પરિવારજનો કાર્યક્રમના સહભાગી બને તે માટે યુનિવર્સિટીના પટાંગણમાં સાંસ્કૃતિક કાર્યક્રમયોજવામાં આવ્યો.

યુનિવર્સિટી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમઆયોજન અંતર્ગત તા.25/10/07 ને શરદ પૂર્ણિમા નિમિત્તે યુનિવર્સિટી કેમ્પસમાં રાસ - ગરબાનો કાર્યક્રમમા.કુલપતિશ્રીની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. કાર્યક્રમની શરૂઆત મા અંબાની શકિત આરાધનાથી કરવામાં આવી. જેમાં યુનિવર્સિટીના તમામ, અધિકારી, કર્મચારીઓએ ભાગ લીધો હતો. ત્યારબાદ યુનિવર્સિટીના પટાંગણમાં રાસ-ગરબાના કાર્યક્રમની શરૂઆત થઈ. યુનિવર્સિટીના કર્મચારીઓએ આ કાર્યક્રમમાં ટ્રેડીશનલ ડ્રેસમાં ખૂબ જ ઉત્સાહભેર ભાગ લઈને





કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સદર કાર્યક્રમથી યુનિવર્સિટીના કર્મચારીઓ એટલા બધા આનંદ વિનોદ થયા હતા કે સૌ પ્રથમવાર યુનિવર્સિટી દ્વારા યોજાયેલ કાર્યક્રમને ઉત્સાહભેર વધ્યાવ્યો હતો અને આવો કાર્યક્રમદર વર્ષે યોજાય તેવી અભિલાષા વ્યકત કરી હતી.

## ડૉ.બા.આ.ઓ.યુ.ના કેન્દ્ર પર ગાંધી જયંતિની ઉજવણી...

"નાગરિક ધર્મ એ ગાંધીજીને સાચી શ્રધ્ધાજલી"

તા.02/10/2007 ગાંધી જયંતીના દિવસે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઈપ્કોવાળા કોમર્સ કોલેજ, પેટલાદના અભ્યાસકેન્દ્ર અને કોમર્સ કોલેજના સંયુકત ઉપક્રમે "હિંદસ્વરાજ"ના સંદર્ભે માર્ગદર્શન વ્યાખ્યાન યોજવામાં આવેલ હતું.

આ વ્યાખ્યાનમાં પ્રારંભમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર સેન્ટરના ઈન્ચાર્જ પ્રા. ફારૂકભાઈ વોહરાએ મળવાનો હેતુ સ્પસ્ટ કરીને વ્યાખ્યાતાનો પરીચય આપ્યો હતો.

"હિંદસ્વરાજ"ના આ વ્યાખ્યાન માટે કોલેજના આચાર્યશ્રી ડૉ. તુષારભાઈ હાથીએ "અહિંસા દિવસના" મહત્ત્વને સ્પસ્ટ કરી મહાત્મા ગાંધીજીના જીવનકથનને પ્રારંભમાં સમજાવેલ બાદમાં "હિંદસ્વરાજ્ય" ના મૂળતત્ત્વોને વર્તમાન ભારતીય સંદર્ભમાં મૂલવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જેમાં ખાસ કરીને "સ્વધર્મનો વિવેક", "સત્યાગ્રહનું બળ", "આત્મબળ" વિગેરે સામે રાષ્ટ્ર પિતાનો તત્કાલીન સંદર્ભ અને આજના સંદર્ભે તે કેટલું પ્રસ્તુત છે તેની છણાવટ કરવામાં આવી હતી.

દશ્ય શ્રાવ્ય પ્રસારણના માધ્યમથી "હિંદસ્વરાજ"ના જ કેટલાક પસંદ કરેલા અવતરણોને કેટલીક પ્રાસંગિક તસ્વીરો સાથે રજૂ કરવામાં આવેલ જેથી વ્યાખ્યાન વધુ જીવંત અને પ્રતિતીજનક બનેલ હતું.

150 થી પણ વધુ યુવાનોની હાજરી હોય તેવા આ વ્યાખ્યાન પછી ગાંધીજીના જીવન કાર્ય વર્તમાન સંદર્ભને સમજવા વધુ સમયની કાર્યશાળાની ઈચ્છા પણ યુવાનોએ બતાવી હતી.

અંતમાં જીગ્નેશભાઈએ ડૉ.બાબાસાહેબ આંબેડકર સેન્ટર વતી આભારદર્શન કરેલ.

## અધ્યયન અને શોધકાર્ય વિષયક:

આ કોલમદ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અધ્યાપકોના શોધ કાર્ય સંક્ષિપ્ત પરિચય આપવામાં આવશે. પ્રારંભમાં સ્કૂલ ઓફ એજયુકેશનના વ્યાખ્યાતા ડૉ. સુમનબેન ત્રિપાઠી દ્વારા આ શૃંખલાની શરૂઆત કરવામાં આવી છે.

**Title :** "A Study of Educational Thoughts of J. Krishnamurti and their Relevance to Indian Education"

**Researcher:** Dr.Suman Tripathi

**Guide:** Dr. P.C.Shukla, Dept.of Education D.D.U.Gorkhpur University

**Degree :** Ph.D.

"Education, in the true sense, is the understanding of oneself, for it is within each one of us that the whole of existance is gathered." (J. Krishnamurti-Education and the Significance of Life)

Krishnamurti talks about the Philosophy of life, the purpose of life but he does not propose any theory nor advocate any creed or school of thought. All that he says is that one should try to understand the truth about 'self' or 'the me' in relation to oneself and in that process how one can realise what self is and how one can be free from 'Self'.

According to Krishnamurti, what is most significant for us is to know ourselves. To know ourselves is not to know any unchanging, immortal and conscious soul substance. It is to know what we are from moment to moment. That is, we should know what we experience, feel, think or do at different moments. For this we should be alert and attentive. So, the first prerequisite for self knowledge is alertness and attention. The more vigilant we are, the more we can know ourselves. To know ourselves fully, we must be constantly watchful.

Philosophy of krishnamurti indicates that solution of all the problems is centered into self knowledge. Instead of making soul, god, emancipation, hell and heaven, etc., the prominent objective of his philosophy is to directly look into human problems. According to him "Atma", "Parmatma" and "Moksha" etc. are not the real problem of human being. The real problems of human beings are their ignorance, poverty, violence, fear, death, war, sorrow and insensitivity towards others. This is the reason why Krishnamurti has made these problems the basic subject of his teachings. He is deeply concerned with the human problems all over the world and found that the basis of all these problems is related to human consciousness. Unless there is a deep exploration into human consciousness, solution of problems cannot be found with any kind of readymade formula whether it comes from political, sociology, religious activity or from any spiritual thought.

Krishnamurti's educational philosophy is not different from his complete teaching to humanity. Krishnamurti is deeply concerned to the transformation of human psyche and society. To him "Teaching is the greatest profession of the world". A true teacher is unconditioned and harbinger of truth in real sense. While talking to the teachers, he always stressed on "Unconditioning" of students and generate 'natural intelligence' of understanding. This is possible when teacher himself is 'unconditioned' and is free from fear. Krishnamurti points out that there are three great arts in education. They are ' Listening', 'Looking and Learning'. To him, any readymade technique adopted to teach the child, conditions the brain of teacher along with taught. Teacher and taught must learn together. This learning is possible by discipline. In real sense an individual is a dynamic entity. For a dynamic entity, no static principle can be effective for long run.

Right education is deeply concerned to the awakening of intelligence in child. It will develop the qualities of learning by self discipline. Along with the clear vision of the objective knowledge, one will also go through one's own tendencies of anger, hate, greed, ego, etc. Right education will cultivate the quality of continous learning in the life. Such learning is possible when the life is lived moment to moment with insight and intelligence. This insight an intelligence cannot be created with the previous knowledge or stored thoughts.

Right kind of education will create freedom of behaviour in the teacher and taught both. Such education will be free from creating comparison and competition, which always create contradiction and antagonism. Right education is concerned to awaken scientific mind and religious heart. Such mind needs tremendous sensitivity and pliability. The mind, which is more and more meditative gives equal importance to both the outer and inner. Along with the working knowledge, it will be seriously concerned to the right kind of living. Such living creates the insight for right relationship based upon the spontaneous perception.By understanding the self, real relationship will be established.

# વોકેશનલ અને પ્રોફેશનલ કોર્સીસ...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવેલ વોકેશનલ અને પ્રોફેશનલ કોર્સીસ અંતર્ગત સેન્ટર નિશ્ચિત કરવા માટે LIC ની અંગેની કાર્યવાહી કરવામાં આવેલ તે મુજબ ગુજરાતના જુદા જુદા જીલ્લા મુજબ જુદા જુદા સમિતિ સભ્યોને LIC અંગેની કામગીરી વહેંચવામાં આવેલ. તેઓના રીપોર્ટના આધારે સંસ્થાઓને Aug-2007 ના સત્રથી રીપોર્ટમાં દર્શાવેલ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાની મંજૂરી આપવામાં આવેલ છે.

| ક્રમ | સંસ્થાનું નામ | કેન્દ્ર કોડ |
|---|---|---|
| 1 | એશીયા પેસીફીક ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ<br>ઉસ્માનપુરા, અમદાવાદ. | 0790114 |
| 2 | સી.યુ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,<br>લાલ દરવાજા, અમદાવાદ | 0790118 |
| 3 | કેલોક્ષ ઓર્ગેનાઈઝેશન એમ.એ.સી. કોલેજ<br>બોપલ, અમદાવાદ. | 0790123 |
| 4 | ચેલેન્જ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ<br>કમ્પ્યુટર ટેકનોલોજી ફાઉન્ડેશન, વાસણા, અમદાવાદ | 0790125 |
| 5 | કમ્પ્યુટર ટેકનોલોજી ફાઉન્ડેશન<br>બાપુનગર, અમદાવાદ. | 0790126 |
| 6 | દીપ એજયુકેશન ટ્રસ્ટ સંચાલીત<br>એસ.એમ. પટેલ કોલેજ ઓફ મેનેજમેન્ટ<br>અસારવા, અમદાવાદ. | 0790102 |
| 7 | જી.જે. મીરાણી એજયુકેશન ટ્રસ્ટ<br>મણીનગર, અમદાવાદ. | 0790103 |
| 8 | એચ.કે. આર્ટસ્ કોલેજ<br>આશ્રમરોડ, અમદાવાદ. | 0790108 |
| 9 | ઈમેજ ઈંગ્લીશ સ્કૂલ<br>ઈસનપુર, અમદાવાદ. | 0790111 |
| 10 | જે.જી. કોલેજ ઓફ કોમર્સ | 0790119 |
| 11 | લીલાવતી કોલેજ<br>હોટલ ક્રાઉન, સી.જી. રોડ, અમદાવાદ. | |
| 12 | લોકમાન્ય કોલેજ ઓફ કોમર્સ | |
| 13 | એન.સી.બોડીવાલા & પ્રી. એમ.સી. દેસાઈ કોમર્સ કોલેજ<br>કાલુપુર, અમદાવાદ. | 0790107 |
| 14 | પી.ડી. પંડયા મહિલા કોમર્સ કોલેજ<br>વટવા, અમાદાવાદ. | 0790110 |
| 15 | પટેલ એજયુકેશન ટ્રસ્ટ<br>આશ્રમરોડ, અમદાવાદ. | 0790112 |
| 16 | પૂજા કોલેજ ઓફ મેનેજમેન્ટ<br>વસ્ત્રાલ, અમદાવાદ. | 0790104 |
| 17 | પ્રકાશ કોલેજ ઓફ એજયુકેશન<br>થલતેજ, અમદાવાદ. | 0790116 |
| 18 | આર.બી. ઈન્સ્ટીટયુટ (નાનકસાર એજયુકેશન ટ્રસ્ટ)<br>મહાવીરનગર, અમદાવાદ. | 0790113 |
| 19 | આર.એચ. પટેલ આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ<br>નવા વાડજ, અમદાવાદ. | 0790120 |
| 20 | આર.આર. ત્રિવેદી એજયુકેશન ટ્રસ્ટ<br>(ચાણકય ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ)<br>વેજલપુર, અમદાવાદ. | 0790127 |
| 21 | સંસ્કારધામપો. ગોધાવી, તા. સાણંદ, અમદાવાદ. | 0790101 |
| 22 | શ્રી બી. જે. મહેતા મોર્ડન હાઈસ્કૂલ<br>ઘી કાંટા, અમદાવાદ. | 0790109 |
| 23 | શ્રીજી ઈન્સ્ટીટયુટ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન<br>વેજલપુર, અમદાવાદ. | 0790105 |
| 24 | શ્રી સ્વામિનારાયણ વિદ્યાધામ<br>C/o, શ્રી બ્રહ્માનંદ વિદ્યાનગર, હાથીજણ, અમદાવાદ. | 0790122 |
| 25 | શ્રી એલ.વી. ઉપાધ્યાય આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ<br>સાબરમતી, અમદાવાદ. | 0790121 |
| 26 | શ્રી એમ.એન. શુકલા કોલેજ ઓફ એજયુકેશન<br>થલતેજ, અમદાવાદ. | 0790117 |

| | | |
|---|---|---|
| 27 | સુદર્શન ફાઉન્ડેશન<br>કાંકરીયા, અમદાવાદ. | 0790115 |
| 28 | સ્વામિનારાયણ કોલેજ<br>ગીતામંદિર રોડ, અમદાવાદ. | 0790124 |
| 29 | તક્ષશિલા વિદ્યાપીઠ માધવ ટ્રસ્ટ<br>ધંધુકા, અમદાવાદ. | 0790129 |
| 30 | વિવેકાનંદ એજયુકેશન ફાઉન્ડેશન<br>રાયપુર, અમદાવાદ. | 0790106 |
| 31 | ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ હોટલ મેનેજમેન્ટ<br>ચાકોટા, વડોદરા. | 07901501 |
| 32 | ઈન્સ્ટીટયુટ ઓફ હોટલ મેનેજમેન્ટ એન્ડ કલીનરી આર્ટ્સ<br>આડોટા પાદરા રોડ, વડોદરા. | 07901503 |
| 33 | જીન્દાલ સ્કૂલ ઓફ હોટલ મેનેજમેન્ટ<br>સયાજી ગંજ, વડોદરા. | 07901502 |
| 34 | નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ<br>ઝાડેશ્વર, ભરૂચ. | 07901101 |
| 35 | નવજીવન આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ<br>ઝાલોદ રોડ, દાહોદ. | 0790901 |
| 36 | આદર્શ મહિલા સેવા સંઘ<br>સેકટર-22, ગાંધીનગર. | 0790502 |
| 37 | એમ.બી. કોલેજ ઓફ કોમર્સ<br>સેકટર-29, ગાંધીનગર. | 0790505 |
| 38 | સંસ્કાર તીર્થ, આજોલ, ગાંધીનગર,<br>માણસા, ગાંધીનગર. | 0790501 |
| 39 | સરસ્વતી એજયુકેશન ટ્રસ્ટ<br>હોટલ હવેલી, સેકટર-11, ગાંધીનગર. | 0790503 |
| 40 | શ્રી સીતારામસેવા ટ્રસ્ટ<br>106, ઈન્ફોસીટી, ગાંધીનગર. | 0790504 |
| 41 | શીવશિકત યુવા મંડળ<br>વાવડી, ગોધરા. | 0791601 |
| 42 | શિવમએજયુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન<br>અલીન્દ્રા, કલોલ, ગોધરા. | 0791602 |
| 43 | મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ<br>મહેસાણા. | |
| 44 | એન.જી. ઈન્ટરનેશનલ સ્કૂલ, મહેસાણા | 0791302 |
| 45 | ધી ઉંઝા એજયુકેશન બોર્ડ, ઉંઝા, મહેસાણા | 0791301 |
| 46 | વી.એન.એસ. બેંક લી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ<br>વડનગર, મહેસાણા. | |
| 47 | વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ<br>બીલીમોરા, નવસારી. | 0792201 |
| 48 | શ્રી અમર જયોત એજયુકેશન ટ્રસ્ટ સંચાલીત<br>આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાધનપુર, પાટણ. | 0791001 |
| 49 | કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર<br>ડીપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લીશ એન્ડ કોમ્પેટેટીવસ્ટડી,<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ. | 0791402 |
| 50 | ડી.બી. પટેલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલીત શ્રી સાર્વજનિક<br>મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, આટકોટ, રાજકોટ. | 0791401 |
| 51 | માતૃશ્રી લલીતાબા સોની એજયુકેશન સંસ્થાન<br>મોડાસા, સાબરકાંઠા. | 0791701 |
| 52 | ઈન્ટર હયુમન એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ<br>કામરેજ, સુરત. | 0791802 |
| 53 | મંથન એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ<br>એલ.એચ. રોડ, સુરત. | 0791801 |
| 54 | શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર<br>તા. પાદરી, વલસાડ. | 0792501 |

હાલમાં ઉપરોકત સંસ્થાઓમાં પ્રોફેશનલ કોર્સીસ અંતર્ગતની પ્રવેશની કાર્યવાહી ચાલુ છે જે-તા.15/11/2007 ના રોજ પૂર્ણ થશે. ત્યારબાદ તા.25/11/2007 સુધી આવેલ અરજીઓ લેઈટ-ફી સાથે સ્વીકારવામાં આવશે.

## ઓપન યુનિવર્સિટીના સર્ટીફીકેટ, ડિપ્લોમા, ડિગ્રી અભ્યાસક્રમોની માન્યતા અંગેના જાહેરનામા

**UNIVERSITY GRANTS COMMISSION**
**BAHADUR SHAH ZAFAR MARG, NEW DELHI - 110002**

No.F.1-52/2000(CPP-II) 5th May, 2004

The Registrar,
Indira Gandhi National Open University,
Maidan Garhi, New Delhi-110068

Sub: RECOGNITION OF DEGREES AWARDED BY OPEN UNIVERSITY

Sir/Madam,

There are a number of open Universites in the country offering vareious degrees/diploma through the mode of non-formal education. The Open Universities have been established in the country by an Act of Parliament or State Legislature in accordance with the provisions contained in Section 2(f) of University Grants Commission Act, 1956. These universities are, therefore, empowered to award degrees in terms of Section 22(i) of the UGC Act, 1956.

A circular was earlier issued vide UGC letter N.F.I-8/92(CPP-) dated February, 1992 mentioning that the Certificate, Diplomas and Degrees awarded by Indira Gandhi National Open University are to be treated equivalent to the corresponding awards of the Universities in the country.

Attention is further invited to UGC circular No.F1-25/93(CPP-II) dated 28th July, 1993 (copy enclosed) for recognition of degrees and diplomas as well as transfer of credit for courses successfully completed by students between the two types of Universities so that the mobility of students from Open University stream to traditional Universites is ensured without any difficulty.

The UGC has specified the nomenclature of degrees under Section 22(3) of the UGC Act, 1956 to ensure mandatory requirements viz. minimum essential academic inputs required for awarding such degrees. A copy of Gazette Notification regarding specification of degrees issued vide No.1-52/97 (CPP-II) dated 31st January 2004 is enclosed. The details are also given in UGC website: www.ugc.ac.in

May, I therefore request you to treat the Degrees/Diploma/Certificates awarded by the Open Universites in conformity with the UGC notification on Specification of Degrees as equivalent to the corresponding awards of the traditional Universities in the country.

Yours faithfully,
Sd/-
(Dr. [Mrs.] Pankaj Mittal)
Joint Secretary

Encl.: As above

**Copy to :**

1. The Secretary, Government of India, Ministry of Human Resource Development, Department of Secondary Education and Higher Education, Shastri Bhavan, New Delhi-110001
2. The Sectretary, All India Council for Technical Education, I.G. Sports Complex, Indraprastha Estate, New Delhi-2.
3. The Secretary, Association of Indian Universities (AIU), 16 Comrade Inderjit Gupta Marg (Kotla Marg), New Delhi-110002.
4. The Secretary, National Council for Teacher Education, I.G. Stadium, I.P. Estate, New Delhi-110002
5. The Secretary, Distance Education Council, IGNOU Campus, Maidan Garhi, New Delhi-110068
6. The Vice-chancellor Indira Gandhi National Open University, Maidan Garhi, New Delhi-110068
7. The Vice-chancellor Dr. B.R. Ambedkar Open University, Road No.46, Jubilee Hills, Hyderabad-500033 (Andhra Pradesh)
8. The Vice-chancellor, Nalanda Open University, West Gandhi Maidan, Patna-800001 (Bihar)
9. The Vice-chancellor, Dr. Babasaheb Ambedkar Open University, Shahibaug, Ahmedabad-380003 (Gujarat)
10. The Vice-chancellor, Karnataka State Open University, Manasagangotri, Mysore-570006 (Karnataka)
11. The Vice-chancellor, Yashwant Rao Chauhan Maharashtra Open University, Nashik-422222 (Maharashtra)
12. The Vice-chancellor, Kota Open University (Vardhaman Mahaveer Open University), Kota-324010 (Rajasthan)
13. The Vice-chancellor, Netaji Subhash Open University, Kolkata-700020 (West Bengal)
14. The Vice-chancellor, Madhya Pradesh Bhoj (Open) University, Bhopal-462016 (M.P.)

Sd/-
(V. K. Jaiswal)
Under Secretary

**ASSOCIATION OF INDIA UNIVERSITIES**
**AIU HOUSE, 16 KOTLA MARG, NEW DELHI - 110 002**

Phones : 3312305, 3313390
3310059, 3312429

Gram : ASINGU
Telex : 31 66180 AIU IN
Fax : 011-331510
No. EV/II(449)/94 /
176915-177115

January 14, 1994

The Registrar(s)
Member Universities

Sub: RECOGNITION OF DEGREES/DIPLOMAS OF OPEN UNIVERSITIES

Dear Sir,

The Standing Committee at its 237th meeting held at Utkal University and the 68th Annual Session of the AIU and in December, 1993 at the University of Delhi have decided in principle that the Degrees of the Open Universities be recognised in terms of the following resolutions:

"Resolved that the examinations of one university should be recognised by another on a reciprocal basis, provided that the entrancequalification, duration of course and the general standard of attainment are similar to those prescribed by the recognised university."

"Further resolved that in case of Degrees awarded by Open Universities, the conditions regarding entrance qualifications and duration of the course be relaxed provided that the general standard of attainment are similar to those prescribed by the recognised university."

The decision is brought to the notice of the Universities for favour of appropriate action in the matter. The additional information, if required in this behalf, may kindly be obtained from the Registrars of the Universities directly.

Thanking you,

Yours faithfully,

Sd/-
(K.C. KALRA)
Joint Secretary

## UNIVERSITY GRANTS COMMISSION
## BAHADUR SHAH ZAFAR MARG, NEW DELHI - 110002

R. P. GANGURDE
Additional Secretary
Tel. : 3319659
D.O. No. F.1-25/03(CPP-II)

28 July, 1993

Dear Vice Chancellor,

As you are aware, the Open Universities have been established in the country by an Act of Parliament or State Legislature in accordance with the provisions contained in Section 2(f) of University Grants Commission Act, 1956. These universities are, therefore, empowered to award degrees in terms of Section 22(1) of the UGC Act, 1956.

It has been brought to the notice of the Commission that the students who have done their M.A. from open universities are debarred by universities from registration for Ph.D. studies. This is most unfair in view of the importance attached to the Open University and distance learning in National Policy on Education, 1986. The Programme of Action -02 also aims at promoting the mobility of students among open universities and among traditional universities. This can be made possible only when there is a workable understanding between open universities and traditional universities for recognition of each other's degrees on reciprocal basis. A Memorandum of Understanding has already been signed between University of Pondicherry and Indira Gandhi National Open University which provides for recognition of each other's degrees and diplomas as well as transfer of credits for coures successfully completed by students between the two universities. The other universites may also make similar arrangements so that the mobility of students from Open University stream to traditional universities is ensured without any difficulty.

I hope that your university will make necessary efforts in this direcition and let the Commission know the prgress.

With regards,

Yours sincerely,
Sd/-
**(R. P. Gangurde)**

To
All the VCs as per
list attached and
copy to AIU

## UNIVERSITY GRANTS COMMISSION
## BAHADUR SHAH ZAFAR MARG NEW DELHI - 110002

No.F.1-8/92(CPP) February, 1992

The Vice-Chancellors/Director's
of all the Indian Universities/ Deemed Universities/Institutions of National importance
..........................................................

Sub: Recognition of Degrees/Diplomas awarded by Indira Gandhi National Open University, New Delhi.

I am directed to say that Indira Gnadhi National Open University, Delhi has been established by Sub-section (2) of Section (1) of the IGNOU Act, 1985 (50 of 1985) vide Notification No. F. 13-12/85 Desk (U) dated 19.09.1985 issued by the Govt. of India, Ministry of Human Resource Development, (Department of Education), New Delhi and is competent to award its own degrees/diplomas. The Certificates, Diplomas and Degrees awarded by Indira Gandhi National Open University are to be treated equivalent to the corresponding awards of the Universities in the country.

Yours faithfully,

Sd/-
**(Gurcharan Singh)**
Under Secretary

## ઈંગ્લિશ લેંગ્વેજ લેબોરેટરી પ્રોજેક્ટ

ગુજરાત રાજયના વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં પ્રભુત્વ મેળવી શકે તે ઉદ્દેશથી તથા રાજય સરકાર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને રૂ. 3,17,00000/- નું અનુદાન આપવામાં આવતા સ્પેશ્યલ પ્રોજેક્ટ અંતર્ગત રાજયની પસંદગી પામેલી 53 કોલેજ તેમજ નવી 5 એમ58 કોલેજમાં ઈંગ્લિશ લેંગ્વેજ લેબ શરૂ કરવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી કેન્દ્રવર્તી સંસ્થા છે. આ લેબમાં ત્રણ કોર્સનો સમાવેશ કરવામાં આવેલ છે. ફાઉન્ડેશન કોર્સ લેવલ 1 સર્ટીફીકેટ કોર્સ લેવલ 2 ડિપ્લોમાં કોર્સ લેવલ 3 ઉપરોક્ત ત્રણેય કોર્સનું મૂલ્યાંકન વિશેષ ટ્રેનીંગ પ્રાપ્ત કરેલ મૂલ્યાંકનકાર દ્વારા કરવામાં આવશે તથા અભ્યાસક્રમનું પ્રમાણપત્ર ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા એનાયત કરવામાં આવશે. આ અભ્યાસક્રમના તજજ્ઞોની તાલીમની જવાબદારીશ્રી એચ.એન. પટેલ ઈન્સ્ટીટયૂટ ઓફ ઈંગ્લિશ એન્ડ રીસર્ચ, વલ્લભ વિદ્યાનગરને સોંપવામાં આવેલ છે. તેમના થકી બે બેચમાં ટ્રેનિંગનું આયોજન થયેલ બેચ 3 ની ટ્રનિંગ જાન્યુઆરી-08 માસનાં રાખવામાં આવેલ છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી એ બ્રિટિશ કાઉન્સિલ, મુંબઈ સાથે MoU કર્યા ઉપરાંત એમના સહયોગથી પસંદગી પામેલ અધ્યાપકોનો "મટીરીયલ પ્રોડકશન વર્કશોપ ફોર સર્ટીફીકેટ કોર્સ " વોટર એન્ડ લેન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયૂટ (વાલ્કન) આણંદ ખાતે તા.22/10/2007 થી 26/10/2007 દરમિયાન કરવામાં આવેલ જેમાં યુ.કે. થી ડૉ. રે મેકે આવેલ તેમના માર્ગદર્શન હેઠળ લેંગ્વેજ લેબમાંના સર્ટીફીકેટ કોર્સ (Level-2) ના અભ્યાસક્રમનું કામહાથ ધરવામાં આવેલ.

નવેમ્બર માસના અંત સુધીમાં આ 54 લેંગ્વેજ લેબ કાર્યરત થઈ જશે અને આ કોલેજના પ્રિન્સિપાલશ્રી તેમજ લેંગ્વેજ લેબ કો-ઓર્ડિનેટરની મિટિંગનું આયોજન થનાર છે. આ પ્રોજેક્ટ સંબંધિત વધુ માહિતી માટે પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર, વ્યાખ્યાતા-અંગ્રેજી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી કુ. સુરભિ એ. ભપલનો સંપર્ક કરવો.

## Interface Conference...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા તા.25/10/2007 નાં રોજ "Interface : Convergence of Open and Conventional Universites in Gujarat" વિષય પર એક દિવસીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કોન્ફરન્સમાં અતિથિ વિશેષ તરીકે પ્રો. રાજશેખરન પિલ્લાઈ, કુલપતિશ્રી, ઈગ્નૂ, ન્યુ દિલ્હી અને ડૉ. રાજીવ ગુપ્તા, સચિવશ્રી, ઉચ્ચશિક્ષણ વિભાગ, ગુજરાત રાજય ઉપસ્થિત રહયા હતા. ગુજરાત રાજયની 9 યુનિવર્સિટીના કુલપતિઓએ અને આમંત્રિત કોલેજના પ્રિન્સિપાલશ્રીઓ અને લેંગ્વેજ લેબનાં કો-ઓર્ડિનેટરોએ ભાગ લીધો હતો. આ કોન્ફરન્સનો મુખ્ય હેતુ



ડૉ.મનોજ સોની(કુલપતિશ્રી,એમ.એસ યુનિવર્સિટી), પ્રો.એચ.સી.ત્રિવેદી (કુલપતિશ્રી, ભાવનગર યુનિવર્સિટી), પ્રો.એ.કે.સિંહ (કુલપતિશ્રી, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)

રાજયની વિવિધ યુનિવર્સિટીઓ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વચ્ચેના "Interface" નાં પ્રોજેક્ટ અંગે ચર્ચા-વિચારણાનો હતો. આ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાત રાજયના બાઈઝેકનાં સ્ટુડિયો દ્વારા રાજયના શ્રેષ્ઠ વિદ્વાનો પોતાના જ્ઞાનનો લાભ બહોળા વિદ્યાર્થીગણને આપી શકશે. આ કામમાટે રાજયની યુનિવર્સિટીના ભવનો અને કોલેજોમાંથી શ્રેષ્ઠ અધ્યાપકોની પસંદગી કરવામાં આવશે અને તેમનાં લેકચરર્સ આ પ્રોજેક્ટ દ્વારા યોજવામાં આવશે. પ્રો. અવધેશકુમાર સિંહે ઉપરોક્ત પ્રોજેક્ટ અંગે મલ્ટીમીડિયા પ્રેઝન્ટેશન દ્વારા રૂપરેખા આપી હતી. આ પ્રોજેક્ટમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને તેનાં અભ્યાસકેન્દ્ર, રાજયની વિવિધ યુનિવર્સિટી, કોલેજો અને ઈગ્નૂ કઈ રીતે પોતાનું યોગદાન આપી શકે તેની રજૂઆત કરી હતી. પ્રો. પિલ્લાઈ સાહેબે આ પ્રકારનાં શિક્ષણની જરૂરિયાત પર વિશેષ ભાર મૂકયો હતો. અને ઈગ્નૂ અને ડેક દ્વારા શકય બધી જ સહાય પુરી પાડવા સંમતિ દર્શાવી હતી. ડૉ. રાજીવ ગુપ્તાએ કેટલીક લીડ કોલેજો પસંદ કરવા માટે સૂચવ્યું હતુ અને તેમણે વિશેષ જણાવ્યું હતુ કે બાઈઝેકનાં સ્ટુડિયો ઉપરાંત ગુજરાત રાજય મોબાઈલ વાનની યોજનાં અમલમાં મુકવા વિચારી રહી છે. આ માટે તેમણે યુનિવર્સિટીના કુલપતિઓને આ પ્રકારની વાત માટે દરખાસ્ત મુકવા જણાવ્યું હતુ. રાજયની વિવિધ યુનિવર્સિટીનાં કુલપતિશ્રીઓએ પોતાની યુનિવર્સિટી આ પ્રોજેક્ટમાં કઈ રીતે સહભાગી બની શકે તે અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી.



Dr.Rajiv K.Gupta IAS Commissioner, Prof.V.N.Rajasekharan Pillai,Hon'ble Chairman,DEC and Vice Chancellor,(IGNOU), Dr.K.P.Joshipura, Hon.Vice Chancellor, Saurashtra University.

## દિપાવલીની શુભકામનાઓ

ડૉ.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના પરિવાર તરફથી યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓ , વાલિઓ અભ્યાસકેન્દ્ર /પ્રોગ્રામ કેન્દ્રના સંયોજકશ્રી /પ્રોગ્રામ ઈન્ચાર્જશ્રીઓને, તમામ પરામર્શકોને,સ્ટાફને દિપાવલીની શુભકામનાઓ.

નૂતન વર્ષ આપના સૌ માટે વિકાસ, સમૃદ્ધિ અને શાંતીનું વર્ષ બને તેવી પ્રાર્થના.

## વિદ્યાર્થી સહાય સેવા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનવર્સિટી દ્વારા વિદ્યાર્થી સહાય સેવા સ્વતંત્ર વિભાગની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જે વિભાગ યુનવર્સિટીનો તમામ"વિદ્યાર્થી સહાય સેવા" અંગેની સંકલનની કામગીરી કરશે તથા તેની માહિતી વિદ્યાર્થી અને કેન્દ્રને આપશે. યુનિવર્સિટી ખાતેના આ વિભાગમાં પૂરતો સ્ટાફ અને ઈન્ટરનેટ, ફોનની સુવિધાથી સજ્જ છે. જે યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થી/કેન્દ્રના તમામ પત્રો/ઈ-મેઈલ સ્વીકારશે અને તેની માહિતી જે તે વિભાગ પાસેથી મેળવી તેને માહિતી આપશે.યુનિવર્સિટીના તમામવિભાગો પાસેથી "વિદ્યાર્થી સહાય સેવા" અર્થાત માહિતી મેળવશે. "વિદ્યાર્થી સહાય સેવા" વિભાગ શનિ-રવિ પણ ચાલુ રહેશે.

ફોન નં. :1800 233 1020

E-Mail : sss.baou@yahoo.com

STAMP

BOOK-POST

TO

DR. GANESH HEGDE
ADVISOR
NATIONAL ASSES. & ACRIDITATION COUNCIL
P. O. BOX NO. 1075, RAJAJINAGAR
BANGALORE
5?2010


કુલસચિવશ્રી,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ કેમ્પસ,ગુજરાત હાઈકોર્ટની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. (ગુજરાત) feedback@baou.org,વેબસાઈટ : www.baou.org


## ડૉ.બાબાસાહેબ આંબેડકર વ્યાખ્યાન માળા...

### પરમ પૂજ્ય શ્રી મોરારી બાપુનું ઉદ્ઘાટન વ્યાખ્યાન


પરમ પૂજ્ય શ્રી મોરારી બાપુ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આ વર્ષથી શિક્ષણની કડીમાં નવો ચીલો ચાતરીને જેના નામે યુનિવર્સિટીની સ્થાપના થઈ છે તેવા ડૉ. બાબાસાહેબ આંબેડકરના નામે "ડૉ. બાબાસાહેબ આંબેડકર વ્યાખ્યાનમાળા" નું આયોજન કરવાનું નિર્ણય કરેલ છે. આ વ્યાખ્યાન માળામાં શિક્ષણ અને તેને સંબંધિત વિષય ઉપર રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શિક્ષણમાં વિશિષ્ટ યોગદાન કરનાર મહાપુરુષો તથા વિદ્વાનોનું વ્યાખ્યાન ગોઠવાશે.આ વ્યાખ્યાનમાળાનું ઉદ્ઘાટન તા. 22/12/07 ના રોજ પરમ પૂજ્યશ્રી મોરારી બાપુના વરદ્ હસ્તે શરૂ થનાર છે. આ કાર્યક્રમની વિગત વાર જાણ પછીથી કરવામાં આવશે.

## 'જ્ઞાનગંગા' સંદર્ભે નમ્ર નિવેદન...

- 'જ્ઞાનગંગા' માટે યુનિવર્સિટીના અભ્યાસ/પ્રોગ્રામકેન્દ્રોને માહિતી મોકલવા માટે નિમંત્રણ પાઠવવામાં આવે છે.
- 'જ્ઞાનગંગા' માં પ્રકાશિત કરવા માટે અભ્યાસ/ પ્રોગ્રામકેન્દ્રોએ ચાલુ શૈક્ષણિક વર્ષની વિગતો જ મોકલવી.
- વિદ્યાર્થીઓએ મેળવેલી વિવિધ શૈક્ષણિક સિદ્ધિઓ તેમજ તેમની વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સફળતાઓ અંગેના સમાચારો પણ મોકલી શકાશે.
- મોકલવામાં આવેલી વિગતો શબ્દશઃ પ્રકાશિત કરવાનું શકય નહીં બને, પરંતુ 'જ્ઞાનગંગા'ના પ્રરૂપને અનુરૂપ અને પૃષ્ઠમર્યાદાને અનુલક્ષીને સંપાદિત કરીને જ પ્રગટ થઈ શકશે

**<u>સમાચારો નીચે મુજબના સરનામે મોકલવા</u>**

શ્રીમતી ચેતના શાહ, ગ્રંથપાલ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
સી.ટેકનિકલ ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ, સોલા,અમદાવાદ-૬૦


પ્રકાશક : કુલસચિવશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,આર.સી.ટેકનિકલ ઈન્સ્ટિટ્યુટ કેમ્પસ, સોલા,અમદાવાદ-૬૦
તંત્રી: પ્રા.દશરથ જાદવ
પરામર્શન : ડૉ.આર.ડી.મૂળિયા ,ઈ.ચા.નિયામકશ્રી
સંપાદક મંડળ : ચેતના શાહ, કુસુમ શર્મા તથા ધાર્મિણી મહેતા
કોમ્પ્યુટર સેટિંગ અને ડિઝાઈન : ગીતા પરીખ